dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 8 | Issue- 55 | AD - 2024, Kartak Vad - 13 | Thursday, Dt.28-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## જો ધર્મ પરિવર્તનનો હેતુ માત્ર અનામતનો લાભ મેળવવાનો હોય તો તેને મંજૂરી આપી શકાય નહીં

# અનામત માટે ધર્મ પરિવર્તન કરવું એ બંધારણ સાથે વિશ્વાસઘાત : સુપ્રીમ

**કોર્ટે ખ્રિસ્તી મહિલાને અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર આપવાનો ઇનકાર કરી દીધો**

નવીદિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે એક મહત્વના નિર્ણયમાં કહ્યું કે માત્ર અનામતનો લાભ મેળવવા માટે ધર્મ પરિવર્તન કરવું એ બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ છે. સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના એ નિર્ણયને સમર્થન આપ્યું હતું જેમાં એક ખ્રિસ્તી મહિલાને અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આ મહિલાને પુડુચેરીમાં અપર ડિવિઝન ક્લાર્ક (યુડીસી)ની નોકરી માટે એસસી પ્રમાણપત્ર જોઈતું હતું. આ માટે તેણે પોતાને હિંદુ જાહેર કરી હતી.

જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે કહ્યું કે મહિલા ખ્રિસ્તી ધર્મનું પાલન કરે છે અને નિયમિત રીતે ચર્ચમાં જાય છે. આ હોવા છતાં, તે નોકરી માટે હિંદુ અને અનુસૂચિત જાતિ હોવાનો દાવો કરી રહી છે. આવો બેવડો દાવો યોગ્ય નથી. ખંડપીઠે કહ્યું કે જે વ્યક્તિ ખ્રિસ્તી છે પરંતુ પોતાને હિંદુ ગણાવે છે તેને અનામત માટે એસસીનો દરજ્જો આપવો એ અનામતના હેતુની વિરુદ્ધ છે. આ બંધારણ સાથે વિશ્વાસઘાત છે. કોર્ટે કહ્યું કે આ મામલો એ મોટા પ્રશ્ન સાથે સંબંધિત છે જેમાં એસસી/એસટી આરક્ષણ માટે ધર્મને આધાર બનાવવાની બંધારણીયતા પર સુનાવણી ચાલી રહી છે. જેમાં ખ્રિસ્તી અને મુસ્લિમ દલિતો માટે અનામતની માંગ કરવામાં આવી છે. ૧૯૫૦ના પ્રેસિડેન્શિયલ ઓર્ડર મુજબ માત્ર હિન્દુઓને જ એસસીનો દરજ્જો મળી શકે છે. શીખો અને બૌદ્ધોને પણ અનામત



માટે હિંદુ ગણવામાં આવે છે. ૨૦૦૭માં જસ્ટિસ રંગનાથ મિશ્રા કમિશને દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને SC અનામત આપવાની ભલામણ કરી હતી.

જસ્ટિસ મહાદેવને કહ્યું કે ભારત ધર્મનિરપેક્ષ દેશ છે. કલમ ૨૫ હેઠળ દરેક નાગરિકને પોતાની પસંદગીના ધર્મનું પાલન કરવાનો અધિકાર છે. જ્યારે વ્યક્તિ તેના સિદ્ધાંતો અને વિચારોથી પ્રભાવિત થાય છે ત્યારે અન્ય ધર્મમાં જોડાય છે. પરંતુ જો ધર્મ પરિવર્તનનો હેતુ માત્ર અનામતનો લાભ મેળવવાનો હોય તો તેને મંજૂરી આપી શકાય નહીં. આવા લોકોને અનામત આપવાથી અનામત નીતિના સામાજિક ઉદ્દેશ્યની હાર થશે.

પીટીશનર સી. સેલવરાણીએ મદ્રાસ હાઈકોર્ટના ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના આદેશને પડકાર્યો હતો. હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી. સેલવરાણીએ કહ્યું કે તેણી હિંદુ ધર્મ પાળે છે અને વલ્લુવન જાતિની છે, જે ૧૯૬૪ના બંધારણ (પુડુચેરી) અનુસૂચિત જાતિના આદેશ હેઠળ આવે છે. તેથી, તે આદિ દ્રવિડિયન ક્વોટા હેઠળ આરક્ષણ માટે હકદાર છે. સેલવરાનીએ દલીલ કરી હતી કે તે જન્મથી જ હિન્દુ ધર્મનું પાલન કરે છે અને મંદિરોમાં જાય છે અને હિન્દુ દેવતાઓની પૂજા કરે છે. મહિલાએ અનેક દસ્તાવેજો દ્વારા કોર્ટમાં સાબિત કરવાનો પ્રયાસ કર્યો કે તેણીનો જન્મ હિન્દુ પિતા અને ખ્રિસ્તી માતાથી થયો છે. લગ્ન પછી તેની માતાએ પણ હિંદુ ધર્મ અપનાવ્યો. તેમના દાદા-દાદી અને પરદાદા વલ્લુવન જાતિના હતા. તેણીએ એવો પણ દાવો કર્યો હતો કે તેણીના શૈક્ષણિક જીવન દરમિયાન, તેણીને SC સમુદાયની માનવામાં આવતી હતી. તેમનું ટ્રાન્સફર સર્ટિફિકેટ પણ તેમની જાતિની પુષ્ટિ કરે છે. તેના પિતા અને ભાઈ પાસે SC પ્રમાણપત્રો છે. જો કે, ખંડપીઠે, કેસના તથ્યોનો અભ્યાસ કર્યા પછી, જણાવ્યું હતું કે ગામના વહીવટી અધિકારીના અહેવાલ અને દસ્તાવેજી પુરાવા સ્પષ્ટપણે દર્શાવે છે કે તેના પિતા એસસી સમુદાયના છે અને તેની માતા ખ્રિસ્તી છે. તેમના લગ્ન ક્રિશ્ચિયન રિવાજ મુજબ થયા હતા. આ પછી, સેલવરાનીના પિતાએ બાપ્તિસ્મા લઈને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. તેમના ભાઈએ ૭ મે, ૧૯૮૯ના રોજ બાપ્તિસ્મા લીધું. સેલવરાણીનો જન્મ ૨૨ નવેમ્બર ૧૯૯૦ના રોજ થયો હતો અને ૬ જાન્યુઆરી ૧૯૯૧ના રોજ વિલિયનુર, પુડુચેરીમાં લોર્ડેસ તીર્થમાં બાપ્તિસ્મા લીધું હતું. તેથી, તે સ્પષ્ટ છે કે સેલવરાણી જન્મથી ખ્રિસ્તી હતી અને તે SC પ્રમાણપત્ર માટે હકદાર નથી. ખંડપીઠે કહ્યું કે જો સેલવરાણી અને તેનો પરિવાર ખરેખર ધર્મ પરિવર્તન કરવા માંગતો હતો, તો તેણે માત્ર હિન્દુ હોવાનો દાવો કરવાને બદલે તેને સાબિત કરવા માટે કેટલાક નક્કર પગલાં લેવા જોઈએ.




# જમ્મુ-કાશ્મીર પોલીસના બે દિવસમાં ૫૬ આતંકવાદી ઠેકાણા પર દરોડા

**જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના ઘણા શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ**



શ્રીનગર,તા.૨૭

જમ્મુ-કાશ્મીર પોલીસે બે દિવસમાં ૫૬ આતંકવાદી ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે અને જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના ઘણા શંકાસ્પદ આતંકવાદીઓ અને ગ્રાઉન્ડ વર્કર્સની ધરપકડ કરી છે. જમ્મુના ચાર જિલ્લામાં પાડવામાં આવેલા દરોડામાં પોલીસે ઘણા હથિયારો, રોકડ, ઈલેક્ટ્રોનિક ડિવાઈસ અને દસ્તાવેજો જપ્ત કર્યા છે. ગુપ્ત માહિતીના આધારે પોલીસે મંગળવારે રાજૌરી જિલ્લામાં ઘરો સહિત ૯ વિસ્તારોમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ સિવાય બે દિવસમાં પોલીસે પૂંછમાં ૧૨, ઉધમપુરમાં ૨૫ અને રિયાસીમાં ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જમ્મુ ઝોનના એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ADG) આનંદ જૈને જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી વસ્તુઓ અને માહિતીના આધારે વધુ તપાસ કરવામાં આવશે. વિસ્તારમાં શાંતિ જાળવવા માટે જરૂર પડ્યે આવા વધુ ઓપરેશનો હાથ ધરવામાં આવી શકે છે.










# ફેંગલ વાવાઝોડું તમિલનાડુ તરફ આગળ વધશે, ૬ જિલ્લામાં શાળા-કોલેજ બંધ

**NDRFની ૭ ટીમો તિરુવરુર, માયલાદુથુરાઈ, નાગાપટ્ટિનમ અને કુડ્ડાલોર જિલ્લામાં તૈનાત**



ચેન્નાઈ,તા.૨૭

બંગાળની ખાડીમાંથી ઉદભવેલું ફેંગલ વાવાઝોડું આજે ચક્રવાતમાં ફેરવાઈ ગયું છે. તે આગામી બે દિવસમાં તમિલનાડુ તરફ આગળ વધશે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ દરમિયાન ૭૫-૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ચેન્નાઈ, ચેંગલપેટ, કાંચીપુરમ, તિરુવરુર, કુડ્ડાલોર, નાગાપટ્ટિનમમાં સતત વરસાદ ચાલુ છે. આ ૬ જિલ્લામાં સ્કૂલો-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. મંગળવારે ચેન્નાઈમાં ૭ ફ્લાઈટ મોડી પડી હતી. તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને વાવાઝોડાની અસર અંગે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. NDRFની ૭ ટીમો તિરુવરુર, માયલાદુથુરાઈ, નાગાપટ્ટિનમ અને કુડ્ડાલોર જિલ્લામાં તૈનાત કરવામાં આવી છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૨૮-૧૧-૨૦૨૪

# સરંભડા ગામ નજીક ખનીજ ચોરી કરતા વાહનો ઝડપાયા : ૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત

અમરેલી,તા.૨૭



અમરેલી તાલુકામાં આવેલ સરંભડા ગામ નજીક શેત્રુંજી નદીના પટમાં સૌથી વધુ રેતી ચોરી ખાનગી રાહે થતી હોવાની ફરિયાદના આધારે અમરેલી ખાણ ખનીજ અધિકારીની ટીમ દ્વારા અલગ અલગ ટીમો બનાવી રેડ કરતા સરંભડા ગામ નજીકથી એક ડમ્પર, એક લોડર, બે ટ્રેક્ટર સહિત ગેરકાયદેસર ખનીજ ચોરી કરતા ઝડપી લીધા. અમરેલી ખાણ ખનીજ વિભાગ કચેરીમાં વાહનો રાખી સિઝ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, હાલ તમામ વાહનો અંદાજીત રૂ.૩૫ લાખનો મુદામાલ જપ્ત કરી દંડની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે લીલીયા પંથકમાં પણ બેફામ રેતી ચોરી કરવામાં આવી રહી છે જે અંગે સરપંચોએ કલેકટરને પણ રજૂઆત કરી છે ત્યારે સમગ્ર જિલ્લામાં રેતીચોરો સામે તવાઈ બોલાવવામાં આવે તેવી સરપંચો માંગ ઉઠાવી રહ્યાં છે.

# ધારીનાં લેનપરા ખાતે દેવીપૂજક સમાજના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ કરતા ધારાસભ્ય કાકડીયા

અમરેલી, તા.૨૭



ધારી તાલુકાના લેનપરા ખાતે દેવીપૂજક સમાજમાં મૃત્યુ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડીયા પરિવારને સાંત્વના પાઠવવા આવ્યા ત્યારે સ્થાનિક સમાજના લોકોએ પાણી અને ડામર રોડની સમસ્યાઓ સંદર્ભે રજૂઆત કરી. ઘટનાસ્થળ ઉપર જ ધારાસભ્યએ આ બંને પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કર્યું. ગામના ૧૦૦ થી વધુ ઘરોને પીવાના પાણીની સુવિધા ન હોવા અને ડામર રોડ ન હોવાની સમસ્યાથી હેરાન પરેશાન સમાજના લોકોએ આ અંગે ધારાસભ્યને રજૂઆત કરી હતી. ધારાસભ્ય કાકડીયાએ સ્થળ પર જ આ સમસ્યાઓના નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવાની ખાતરી આપી અને તેમનું કામ શરૂ કરાવ્યું. વર્ષોથી અનુભવાતી આ સમસ્યાઓનું એકદમ ટૂંકા સમયમાં નિરાકરણ થતાં દેવીપૂજક સમાજમાં શોક વચ્ચે પણ હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી.

# સાવરકુંડલાના ૮ ગામના આરોગ્ય કેન્દ્રમાં આજે આયુષ્યમાન કાર્ડ કેમ્પનું આયોજન

**૭૦ કે તેથી વધુ વર્ષના વ્યક્તિઓ માટે સરકારી યોજનાનો લાભ ઘર આંગણે મળશે**

સાવરકુંડલા, તા.૨૭



સાવરકુંડલા તાલુકાના ૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓને ઘર આંગણે આયુષ્યમાન વય વંદના કાર્ડ મળી શકે તે માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીરા, જૂનાસાવર, વંડા, મોટા ઝિંઝુડા, ગાધકડા, વીજપડી, બાઢડા અને આંબરડી ખાતે આજે સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી કેમ્પ યોજાશે.

# ગજેરા કેમ્પસની મહિલા ખેલાડીઓએ SGFI હોકી સ્પર્ધામાં રાજ્યકક્ષાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો

અમરેલી, તા.૨૭



અખિલ ભારતીય રમતગમત આયોજિત શાળાકીય રમતોત્સવ SG.F.I ૨૦૨૪ અંડર-૧૭ મહિલાઓની હોકી ટુર્નામેન્ટ ૪ થી ૬ નવેમ્બરના રોજ દાહોદના દેવગઢ બારિયા મુકામે યોજાઈ હતી. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓમાંથી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલની હોકી ટીમે બ્રોન્ઝ મેડલ મેળવેલ છે, તેમજ SG.F.I અંડર-૧૯ મહિલાઓની હોકી ટુર્નામેન્ટ ૬ થી ૮ નવેમ્બરના રોજ દેવગઢબારિયા મુકામે યોજાઈ હતી. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલની મહિલાઓની હોકી ટીમે પણ બ્રોન્ઝ મેડલ મેળવીને અમરેલી જિલ્લાનું નામ રાજ્યકક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમતગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરું પાડવામાં આવે છે, જેથી વધુ સારી રીતે તેઓ ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

# મોટી કુંકાવાવ ગામે યુવતી પર સામૂહિક દુષ્કર્મ કરનારા બે આરોપીઓ ઝડપાયા, બે ફરાર

અમરેલી,તા.૨૭

મોટી કુંકાવાવ ગામે અનિલ દેસાઈ નામના શખ્સે એક ૨૧ વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપીને પોતાની મીઠી મીઠી વાતોમાં ભોળવીને શારીરિક સંબંધ બાંધ્યો હતો. અનિલ દેસાઈએ બળજબરીપૂર્વક યુવતી પર દુષ્કર્મ આચર્યા બાદ તેના મિત્ર પ્રિતેશ આસોદરિયા, દકુ ઉર્ફે નયન વેકરીયા અને સોમા આલાણી નામના અન્ય ત્રણ શખ્સે પણ યુવતી પર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. યુવતીએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગઈકાલે અનિલ દેસાઈ અને સોમા હરપાલ આલાણીની ધરપકડ કરી છે. આ ઘટનાની તપાસ એસસી/એસટી સેલના ડીવાયએસપી રાઠોડ ચલાવી રહ્યાં છે.

# જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ-અમરેલી દ્વારા બે તબક્કામાં સમૂહલગ્ન યોજાશે

અમરેલી, તા.૨૭

આગામી તા.૨૬/૦૧/૨૦૨૫નાં રોજ અમરેલી શહેર ખાતે ૨૮મા સર્વજ્ઞાતિ તથા અમરેલીના ગાવડકા ગામે ૨૯મા ઓ.બી.સી., એસ.સી., એસ.ટી., એન.ટી., ડી.એન.ટી અને માઈનોરિટી સમાજના જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા મર્યાદીત સંખ્યામાં સમૂહલગ્નનું આયોજન રાખેલ હોય જેમાં મધ્યમ અને ગરીબ પરિવાર તથા વર-કન્યા ઉપયોગી ઘર વપરાશની ૧૧૧ વસ્તુઓ અને ભેટ સાથે લાભાર્થી વર-કન્યાને જાતિ સર્ટીફીકેટ, મેરેજ સર્ટીફીકેટ, કુંવરબાઈ મામેરૂં તથા સમૂહલગ્ન સાતફેરા તેમજ સરકારી આધાર-પુરાવા માટે ડોકયુમેન્ટ કલીયર કરવા અંગેનો સહયોગ સમિતિ દ્વારા આપવામાં આવશે. આ બન્ને લગ્ન રજીસ્ટ્રેશન માટે સમિતિ અગ્રણી ધીરૂભાઈ મકવાણા મો.૯૮૭૯૨ ૭૭૬૮૪, ભીખુભાઈ ચાવડીયા, ગાવડકા મો.૯૬૩૮૦ ૮૯૨૯૧ તથા અક્ષર ઓનલાઈન કેન્દ્ર, ઓફિસ નં.૧૬, નારણ પ્લાઝા, ભીડભંજન મહાદેવ મંદિર સામે, અમરેલી મો.૯૭૨૫૨ ૭૮૭૨૯નો સંપર્ક કરવા સમિતિની યાદી જણાવે છે.

# સંરક્ષણ દળમાં જોડાવા ઈચ્છુક અમરેલી જિલ્લાના ઉમેદવારો માટે તાલીમ વર્ગ

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા જિલ્લાના ઉમેદવારો માટે ૩૦ દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગનું આયોજન છે. શારીરિક તેમ જ માનસિક રીતે સક્ષમ, ઉંમર ૧૭.૫ થી ૨૩ વર્ષ સુધી અને ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ હોય તેમજ સંરક્ષણ દળમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને રહેવા, જમવા તથા શારીરિક અને લેખિત કસોટીની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે. જિલ્લા રોજગાર કચેરી ખાતેથી વિનામૂલ્યે નિયત અરજી ફોર્મ મેળવી, જરુરી વિગતો અને ધોરણ ૧૦ની માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, આધારકાર્ડ તથા અન્ય સાધનિક પુરાવા સહિત આધાર-પુરાવાઓ સામેલ કરી જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, સી બ્લોક, પ્રથમ માળ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ ખાતે દિન-૭ માં મોકલવું.

# હરસુરપુર દેવળિયા ખાતે તુવેરના પાકમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાના છંટકાવ અંગે નિદર્શન કાર્યક્રમ

અમરેલી, તા.૨૭



અમરેલી તાલુકાના હરસુરપુર દેવળિયા ગામ ખાતે ડ્રોન નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. પી.જે. પ્રજાપતિ તથા કેવિકેના વૈજ્ઞાનિક એન.એમ. કાછડીયા, વી.એસ. પરમાર તેમજ નિવૃત્ત વિસ્તરણ અધિકારી એ. એમ. શેખવાએ પણ હાજર રહી ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા. ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગમાંથી પ્રો. ડી.બી. ચાવડા તેમજ મુકેશ પટેલ દ્વારા ડ્રોન નિદર્શન દ્વારા જંતુનાશક તેમજ પાણીમાં દ્રાવ્ય ખાતરનો તુવેરના પાકમાં છંટકાવ કરવામાં આવેલ અને ડ્રોન અંગે માર્ગદર્શન પૂરું પાડેલ. આ કાર્યક્રમ અંતર્ગત હરસુરપુર દેવળિયા ગામના ૩૦ જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધેલ હતો.

# અમરેલીના અંધજન તાલીમ કેન્દ્રની મુલાકાતે પુરૂષોત્તમ લાલજી મહારાજ

અમરેલી, તા.૨૭



અમરેલીનાં ચિત્તલ રોડ પર આવેલ અંધજન તાલીમ કેન્દ્રમાં આજે દ્વારકાધીશ હવેલીના પુરૂષોત્તમ લાલજી મહારાજ પધાર્યા હતા. આ કેન્દ્રમાં ૪૦ જેટલા અંધ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે અને સંગીત, મોટર રીવાઈડીંગ, બ્રેઈલ લિપિ વગેરે જેવી વિવિધ તાલીમ મેળવે છે. મહારાજએ આ કેન્દ્રની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા અને તેમની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. આ સાથે મહારાજએ મંદબુદ્ધિ બાળકોની ટ્રેનિંગ સ્કૂલની પણ મુલાકાત લીધી હતી. આ સ્કૂલમાં ૨૦ જેટલા મંદબુદ્ધિ બાળકો તાલીમ લે છે. બંને સંસ્થાઓની મુલાકાત લઈ મહારાજશ્રીએ સંસ્થાના કાર્યને બિરદાવ્યું હતું. અંધશાળામાં વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત ગાઈને મહારાજનું સ્વાગત કર્યું હતું.

# લીલીયા મોટા ખાતે આંગણવાડી બહેનોએ પગાર બાબતે આવેદનપત્ર પાઠવ્યું

**નયનાબેન ગરાણીયાની આગેવાનીમાં આવેદનપત્ર પાઠવી યોગ્ય કરવા માંગ કરી**

લીલીયા,તા.૨૭



લીલીયા મોટા ખાતે તાલુકા ભરના આંગણવાડી વર્કર મહિલાઓ દ્વારા નામદાર કોર્ટના હુકમ બાદ સરકાર વર્ગ ૩ અને ૪ માં સમાવેશ કરવાની આવેદનપત્ર મારફત રજૂઆત કરાઈ હતી. લીલીયા તાલુકાના આંગણવાડી મહિલા વર્કરો અને હેલ્પરોએ I.C.D.S કચેરી ખાતે સુપરવાઈઝર પ્રભાબેન રાઠોડ, ડિમ્પલબેન ઓઝા, હર્ષિતાબેન રેણુકાને આવેદનપત્ર પાઠવ્યું હતું. સાથોસાથ મામલતદાર કે.બી. સાંગાણીને પણ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. નયનાબેન ગરાણીયાની આગેવાનીમાં આવેદન ત્ર પાઠવી યોગ્ય કરવા માંગ કરવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરા-કુષ્ણનગર એક્સપ્રેસ બસમાં ૫૫ સ્ટોપથી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

અમરેલી,તા.૨૭

દેશમાં બુલેટ ટ્રેનની તૈયારીઓ થઈ રહી છે ત્યારે હજુ એસ.ટી. બસ ગોકળગાય ગતિએ ચાલી રહી છે. મુસાફરો ઝડપથી પહોંચવા માટે એક્સપ્રેસ બસનો સહારો લે છે પરંતુ અધિકારીઓની અણઆવડતને કારણે મુસાફરો એક્સપ્રેસ બસનું ભાડુ ચુકવી લોકલ બસની મુસાફરી કરતા હોવાથી મુસાફરોમાં રોષ ફેલાયો છે. બગસરાથી વહેલી સવારે ૫:૩૦ વાગ્યે ઉપડતી કૃષ્ણનગર બસમાં એસ.ટી.ના અધિકારીઓએ મનફાવે તેમ રૂટ નાખી દીધા હોવાનું જાણવા મળ્યુ છે. બગસરા-કુષ્ણનગર બસમાં ૭ કલાકના સમયમાં ૫૫ જેટલા સ્ટોપ હોવાથી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તો રાજકોટ જતી એક્સપ્રેસ બસમાં ટિકિટ ભાડું રૂા.૧૨૩ છે જયારે લોકલમાં રૂા.૭૫ છે. લોકલ અને એક્સપ્રેસ બસના એકસરખા સ્ટોપ છે જયારે ટિકિટના દરમાં રૂા.૪૮નો ફેર છે. આ અંગે મુસાફરોએ જણાવ્યુ હતું કે ઝડપથી સ્થળ પર પહોચવા માટે એક્સપ્રેસ બસનો સહારો લેતા હોઈએ છીએ પરંતુ લોકલ મુસાફરી થતી હોવાથી સમયસર પહોંચી શકતા નથી. આ અંગે ડેપો મેનેજરે જણાવ્યું હતું કે, જે સ્થળેથી મુસાફરો આવતા નથી તે સ્થળની તપાસ કરી સ્ટોપ રદ કરવામાં આવશે. આમ, એક્સપ્રેસ બસના ભાડા સામે બસ લોકલ ચાલતી હોવાથી મુસાફરોમાં રોષ ફેલાયો છે.

# ગજેરા સ્કૂલ કેમ્પસમાં વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય બંધારણ દિવસની ઉજવણી

અમરેલી, તા.૨૭



અમરેલીમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ચિત્ર, વક્તૃત્વ અને નિબંધ લેખન દ્વારા ભારતના બંધારણ દિવસની ખુબ અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓને બંધારણ, આર્થિક, રાજકીય અને સામાજિક નિયમોથી અવગત કરાવવામાં આવ્યા હતા. નૈતિક કર્તવ્ય મુજબ આપણને આપણી જવાબદારી પણ યાદ અપાવવી જરૂરી છે, જેથી વિદ્યાર્થીઓમાં બંધારણીય આદર્શો વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સાથે શિક્ષકો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ વખતે ૨૬ નવેમ્બરે ભારતમાં બંધારણ સ્વીકારના ૭૫ વર્ષ પૂર્ણ થયા અને દેશ સંવિધાન દિવસ પણ ઉજવી રહ્યો છે. બંધારણ એ ભારતના લોકશાહી, બિનસાંપ્રદાયિકતા અને સમતાવાદી માળખાને વ્યાખ્યાયિત કરતો મૂળભૂત દસ્તાવેજ છે.

# સા.કુંડલાના એસએમજીકે શૈક્ષણિક સંકુલમાં બંધારણ દિનની ઉજવણી



અમરેલી,તા.૨૭

સાવરકુંડલાના એસ. એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી તેમાં વિદ્યાર્થીઓએ બાબાસાહેબ આંબેડકર તથા બંધારણ વિશે પ્રેરક વક્તવ્ય આપેલ સાથે સાથે શિક્ષકો દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

**વિદ્યાર્થીઓએ બાબાસાહેબ આંબેડકર તથા બંધારણ વિશે પ્રેરક વક્તવ્ય આપ્યું**

# સાવરકુંડલા બસ સ્ટેન્ડ પાસેથી ૭૫ બોટલ વિદેશી દારૂ પકડાયો

સાવરકુંડલા. તા.૨૭

સાવરકુંડલાના દેવળા ગેઈટ વિસ્તારમાં નેસડી રોડ પીકઅપ બસસ્ટેન્ડ પાસેથી વિમલભાઈ કાળુભાઈ આંબલીયા (ઉ.વ.૨૯) તથા અનંતરાય ધીરજલાલ હરિયાણી ભારતીય બનાવટની વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૭૫ બોટલ સાથે ઝડપાયા હતા. પોલીસે ૧૦,૩૯૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. દામનગરમાં મહિલાના રહેણાંક મકાનેથી ૧૭ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# ચલાલાની ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં બંધારણ દિવસની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૨૭



ચલાલામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે તારીખ ૨૬/૧૧/૨૦૨૪ના રોજ બંધારણ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને દેશના બંધારણ વિષે માહિતી આપવામાં આવી હતી અને ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી. વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પૂ. ડો. રતિદાદાએ બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનવવા સંસ્થાના ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# રાજુલાના કુંડલીયાળા ગામે વાડીના રસ્તેથી ચાલવા મુદ્દે માથાકૂટ

રાજુલા, તા.૨૭

રાજુલાના કુંડલીયાળા ગામે વાડીના રસ્તેથી ચાલવા મુદ્દે માથાકૂટ થઈ હતી. બનાવ અંગે મનીષભાઈ દુલાભાઈ જીંજાળા (ઉ.વ.૨૬)એ બાબુભાઈ ભીમાભાઈ નાગેચા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની વાડીના રસ્તેથી ઘરે જતા હતા ત્યારે બાબુભાઈ નાગેચાએ 'તારે આ રસ્તે ચાલવાનું નહીં' તેમ કહ્યું હતું. જેથી તેમણે આ રસ્તે મારો ચાલવાનો હક છે તેમ કહેતા સારું નહોતું લાગ્યું અને ગાળો આપી મુઢમાર માર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં ઉતાવળા હનુમાન ખાતે આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૭



સાવરકુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ નિદાન કેમ્પમાં સારવાર સાથે લોકોને દિનચર્યા તથા ઋતુચર્યા વિષે તથા ઋતુજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો. આ નિદાન કેમ્પમાં વૈદ્ય કે.બી.ગોંડલીયા તથા વૈદ્ય દેવેન્દ્ર ચૌહાણે સેવા આપી હતી.

## અવસાન નોંધ

**શાખપુર**

સ્વ. અમરાભાઈ નાજભાઈ ખુમાણ (ઉ.વ.૭૭)નું તા.ર૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે બાબાભાઈ, વિક્રમભાઈ અને રમેશભાઈના બાપુ થાય છે. તેમનુ બેસણું તા.ર૮ને ગુરૂવારે ૯ થી સાંજના ૫ કલાકે તેમના નિવાસસ્થાને શાખપુર ખાતે રાખેલ છે.

**ધોરાજી**

સ્વ. ધર્મિષ્ઠાબેન દવે (ઉ.વ.૭૩)નું તા.૨૭/૧૧/૨૦૨૪ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભરતભાઈ લાભશંકર દવેના ધર્મપત્ની તેમજ જીતેનભાઈ (સિટીઝન બેન્ક)ના માતૃશ્રી થાય છે. તેમનું બેસણુ તા. ૨૮/૧૧/૨૦૨૪ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૫ વાગ્યે શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિર, માધવનગર, જમનાવડ રોડ, રેલ્વે ફાટક પાસે ધોરાજી ખાતે રાખેલ છે.

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળઃ ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે Mo. 70169 65665 Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

સ્કૂલ- હોસ્ટેલ પ્રવેશ શરૂ (બોયઝ/ગર્લ્સ
સ્કૂલ કાર્યક્ષેત્ર: બાલમંદિર થી ધોરણ : ૧૨ આર્ટ્સ /કોમર્સ/ સાયન્સ/ ગુજરાતી/મિશ્ર અને અંગ્રેજી માધ્યમ
હોસ્ટેલ કાર્યક્ષેત્ર: ધોરણ -૫ થી ૧૨ ભાઈઓ / બહેનો માટે અલગ કેમ્પસ
અમારું શિક્ષણકાર્ય એ જ અમારી વિશેષતાઓ.
• ૧૦૦ એકરના વિશાળ કેમ્પસમાં ભાઈઓ અને બહેનો માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે કેમ્પસમાં જ બોયઝ અને ગર્લ્સ માટે નિવાસની વ્યવસ્થા.
• નિવાસી અને ડે -સ્કૂલના વિદ્યાર્થીઓ માટે શુધ્ધ અને સાત્વીક વિવિધતાસભર ભોજન મેનુ.
• અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય, સાયન્સમાં પહેલેથી જ JEE, NEET, GUJCETની તૈયારી.
• કોમર્સ વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ વાણીજ્ય અભ્યાસ સાથે ટેલી એકાઉન્ટ કોર્ષ.
• રાત્રી કલાસ ટ્યુશન નિઃશુલ્ક સુવિધા રહેશે. પ્રેક્ટીકલ સાથે ૧૦૦% કોર્ષ પુર્ણ કરાવાની પ્રથા.
• સાયન્સ લેબ તેમજ ડિઝીટલ સ્માર્ટ કલાસની સુવિધા સાથે ઈ-શિક્ષણ કાર્ય.
• લેટેસ્ટ ટેક્નોલોજી દ્વારા રેગ્યુલર અભ્યાસ સાથે વિઝ્યુલાયજ અને વોકેશનલ શિક્ષણ.
• ડેઈલી અને યુનિટ વાઈઝ મંથલી ટેસ્ટ દ્વારા કાર્યશીલ મેનેજમેન્ટ ટીમ દ્વારા વિદ્યાર્થીઓનું સતત મુલ્યાંકન કરી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવાનો લક્ષ.
• મંથલી પેરેન્ટ્સ મિટીંગ જેમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વગેરેની પોઈન્ટ-ટુ-પોઈન્ટ ચર્ચા.
• ૧૪ જેટલી અલગ-અલગ કલબ એકટીવીટીઝ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ.
આપના બાળકના ભવિષ્ય ઘડતરનો પ્રશ્ન હોય એકવાર રૂબરૂ મુલાકાત લઈ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે તે તમામ સુવિધાઓનું જાતે જ વિગતો મેળવી પ્રવેશ લેવા સંસ્થા મેનેજમેન્ટ આવકારે છે.
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં. -૯૦૯ ૯૦૯ ૮૨૨૦ www.vidyasabha.com

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અમરેલી જિલ્લામાં મહિલાઓ વિરૂધ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણીનું આયોજન

અમરેલી,તા.૨૭

મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણીનું આયોજન અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

સમગ્ર જિલ્લામાં તા.૨૫ નવેમ્બર થી તા.૧૦ ડિસેમ્બર સુધી આ કાર્યક્રમાં વિવિધ વિષયોને આવરી લઈ મહિલાઓને અનેકવિધ બાબતોથી માહિતગાર કરવામાં આવશે. ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાર્યરત મહિલા હેલ્પલાઈન ૧૧૨, ૧૮૧, ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ની વિગતો મહિલાઓને મળી રહે તે માટે સેમિનાર કાર્યક્રમ, બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ અંગે જાગૃતિ કાર્યક્રમ, સાયબર સેફટી અંગે જાગૃતિ આવે તે માટે સેમિનાર, પોક્સો એક્ટ-૨૦૧૨, ગુડ ટચ બેડ ટચ અંગે જાગૃતિ કાર્યક્રમ, કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતીય સતામણી અટકાયત અધિનિયમ-૨૦૧૩ કાર્યક્રમ, બેટી બચાવો બેટી પઢાઓ, જાતિગત સંવેદનશીલતા, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ સહિતના વિષયોને આવરી લઈ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે. અમરેલી જિલ્લાના જિલ્લા બાળ સુરક્ષા એકમ, શિક્ષણ, આઈ.સી.ડી.એસ, SHE ટીમ, ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરિટી (DLSA), નારી અદાલત, સખી મંડળ, બિન સરકારી સંસ્થાઓ, મહિલા સંગઠનો, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સ્પોર્ટ સેન્ટર, ૧૮૧ મહિલા અભયમ, મિશન શક્તિ યોજના(DHEW) કુટુંબ સલાહ કેન્દ્ર અને વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર સહિતની કચેરીઓ સાથે સંકલન કરી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# લીલીયા મોટાની સરકારી કોલેજમાં ૭૫મા બંધારણ દિવસની ઉજવણી

લીલીયા, તા.૨૭

લીલીયા મોટા ખાતેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં આજે ૭૫મા બંધારણ દિવસ અને "રાષ્ટ્રીય કાયદા દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને નામદાર કોર્ટના માર્ગદર્શન અને સહકારથી કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન અને પ્રદર્શન વગેરે



પ્રવૃતિઓ કરવામાં આવી હતી. બંધારણ દિવસ એટલે કે તા. ૨૬ નવેમ્બરને રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ અંગેની વિગત વિષે તાલુકા કોર્ટના ન્યાયમૂર્તિ ગાંધી સાહેબ, ઓફિસ સુપરિટેન્ડેન્ટ પી.એન. પરમાર, એડવોકેટ સંજયભાઈ એલ. બગડા, એડવોકેટ એચ.બી. જોશીએ પ્રસંગોચિત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતાં. આ પ્રસંગે આભાર દર્શન ડો. શબ્બીર પરમાર, પ્રકાશભાઈ પરમાર, સુભાષભાઈ ઓડેદરા, ડો. ભરતભાઈ ખેનીએ કર્યું તથા કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# બાબરાના નાની કુંડળ ગામે જમીનનો સોદો કરી દસ્તાવેજ ન કરી આપ્યો

બાબરા, તા.૨૭

બાબરાના નાની કુંડળ ગામે જમીન વેચાણનું કૌભાંડ સામે આવ્યું હતું. રાજકોટમાં રહેતા ખીમાભાઈ પાંચાભાઈ ડાકી (ઉ.વ.૩૯)એ મુકેશભાઈ લીંબાભાઈ ભાલીયા, રાણાભાઈ નથુભાઈ બીખલકીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આ કામના તેમણે મુકેશભાઈ ભાલીયાની માલિકીની ખેતીની જમીન વેચાણ રાખવાનો વેચાણ સોદો રૂ.૬,૨૩,૨૩૮માં બાનાખત કરી તેમના ફુવા લીલાભાઈ અરસીભાઈ ઝોરાના નામે દસ્તાવેજ કરી આપવા જતા બાનાખત કરી આપ્યો નહોતો. આમ તેમની સાથે રૂ.૬,૨૩,૨૩૮ની છેતરપિંડી કરવાના ઈરાદે જમીન વેચાણ આપવાની ખોટી લાલચ પ્રલોભન આપી ઠગાઈ છેતરપિંડી વિશ્વાસઘાત કર્યો હતો.

# સા.કુંડલાની કે.કે.હાઈસ્કૂલમાં બંધારણ દિનની ઉજવણી કરાઈ

**બાળકોને બંધારણનું મહત્વ સમજાવવામાં આવ્યુ**

અમરેલી,તા.૨૭

સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલ અને કે.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ, સાવરકુંડલામાં એન.એસ. એસ. યુનિટ નિયમિત પ્રવૃત્તિ અંતર્ગત ૨૬ મી નવેમ્બરના રોજ "ભારતીય બંધારણ દિવસ"ની



ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત પ્રાર્થના સભામાં ભારતીય બંધારણ વિશે વિદ્યાર્થીઓને પરિચય આપવામાં આવ્યો હતો. બંધારણનું મહત્વ, બંધારણની ઉપયોગીતા, બંધારણ બનાવવામાં લાગેલો સમય વગેરે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડોક્ટર બાબા સાહેબ આંબેડકર, ડો. રાજેન્દ્ર પ્રસાદ, કનૈયાલાલ મુનશી, પંડિત વિદ્યાલક્ષ્મી સરોજીની નાયડુ, પંડિત જવાહરલાલ નેહરૂ જેવા મહાનુભવો જેમણે બંધારણ ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો એમના વિશે વિદ્યાર્થીઓને પરિચય આપવામાં આવ્યો હતો.

# જાફરાબાદમાં મજૂરીના પૈસા નથી આપ્યા તેવી ખોટી વાત કરતાં યુવકને સમજાવતાં ઝપાઝપી કરી

જાફરાબાદ, તા.૨૭

જાફરાબાદમાં રહેતા એક યુવકે મજૂરીના પૈસા નથી આપ્યા તેવી વાત કરતાં યુવકને સમજાવવા જતાં ઝપાઝપી કરીને લોખંડની વસ્તુ મારી હતી. બનાવ અંગે ઘડીયાળ વેચવાનો ધંધો કરતાં ઈરાફનભાઈ રહેમાતનભાઈ મન્સુરી (ઉ.વ.૪૫)એ અબ્દુલકાદીર અફઝલભાઈ મન્સુરી (ઉ.વ.૨૨) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ આરોપીને તેમની સાથે ૧૫ દિવસ પહેલાં ઘડીયાળ વેચવાની મજૂરીએ લઈ ગયા હતા. આરોપ મજૂરી કામના પૈસા નથી આપ્યા તેવી ખોટી વાતો કરતો હતો. જેથી તેને સમજાવવા જતાં સારું નહોતું લાગ્યું અને ઝપાઝપી કરી માથાના ભાગે લોખંડની વસ્તુ મારતાં સાત ટાંકા આવ્યા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બ.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# મહુવા - બાંદ્રા ટ્રેનને દામનગર સ્ટોપ આપવા પાલિકા પ્રમુખે રજૂઆત કરી

દામનગર, તા.૨૭



દામનગર સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિરે દૂરદૂરથી આવતા દર્શનાર્થીઓ માટે બાંદ્રા - મહુવા ટ્રેનને દામનગર સ્ટોપ આપવા પાલિકા પ્રમુખે રજૂઆત કરી હતી.

રજૂઆત મુજબ ટ્રેન દામનગર થઈને મહુવા જાય છે ત્યારે માત્ર દામનગર ખાતે સ્ટોપ મળે તો મુસાફરોને ભારે હાલાકીમાંથી મુક્તિ મળી શકે તેમ છે. ઉપરાંત ભુરખિયા હનુમાનજી દાદાના લાખો દર્શનાર્થીઓને પણ લાભ થશે. હાલ વારે તહેવારે અને દર પૂનમે આવતા શ્રદ્ધાળુઓને દામનગર રેલવે સ્ટેશનને બદલે ઢસા ઉતરવું પડે છે.

દામનગરમાંથી પસાર થતી મહુવા - બાંદ્રા ટ્રેનને દામનગર ખાતે સ્ટોપ ન હોવાથી અનેક મુશ્કેલીઓ પડે છે. આ પ્રશ્ને રેલવે મંત્રી, ડી આર એમ સૌરાષ્ટ્ર પેસેન્જર એસોસિએશન સહિતને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

# 'અમરેલીમાં ન રહેતા નહિતર તમને ટાળી દઈશું' કહી કાકા-ભત્રીજાને ધમકી આપી

**બાકી નીકળતા પૈસા લેવા ગયા ત્યારે હુમલો કર્યો**

અમરેલી, તા.૨૭

અમરેલીમાં રહેતા અકીલભાઈ હારૂનભાઈ બીલખીયા (ઉ.વ.૨૫)એ ઈમરાન ઉર્ફે ડોડી હનીફભાઈ ડેરૈયા તથા સલીમ ઉર્ફે છન્નો ઈબ્રાહમભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કાકાને ઈમરાન ડેરૈયા પાસેથી પૈસા લેવાના હોવાથી તે લેવા માટે ગયા ત્યારે આરોપીએ તેમના હાથમાં રહેલ લાકડાનો ધોકો તેમના કાકાને મારી 'પૈસા દેવાના નથી, થાય તે કરી લે' તેમ કહ્યું હતું.

જ્યારે સલીમ રાઠોડે તેમના કાકાને ગાળો બોલી હાથ ઉપર ધોકાના ઘા મારી પેન્ટના નેફામાંથી છરી કાઢી આડેધડ છરી ફેરવતા ગાલ ઉપર ઈજા થઈ હતી. જે બાદ તેમને તથા તેના કાકાને 'અમરેલીમાં ન રહેતા નહિતર તમને ટાળી દઈશું, અમારૂં કોઈ કાંઈ નહીં કરી લે' એમ કહીને ધમકી આપી હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના નાળ ગામે પતિ સાથે ઝઘડા બાદ પત્નીએ ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાના નાળ ગામે એક પત્નીને તેના પતિ સાથે ઝઘડો થતાં પિયર જતી રહી હતી. જ્યાંથી પતિ તેને લઈ આવ્યો હતો. જેને લઈ સારું નહીં લાગતાં ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી. અજયભાઈ ગભરૂભાઈ ખંઢેલા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની કિરણબેનને તેની સાથે ઝઘડો થયો હતો. જે બાદ પિયર જતી રહી હતી અને તેઓ તેને તેડી આવ્યા હતા. જેથી સારું નહીં લાગતાં પોતાની મેળે ગળાફાંસો ખાઈ લીધો હતો. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. આર. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.


ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર



Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/- માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રીમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.


## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ તેરસ
તા. ૨૮-૧૧-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૫૪,
સૂર્યાસ્ત-૦૫:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૨૮-૧૧-૨૦૨૪ ગુરૂવાર

મેષ: આજનો દિવસ ગ્રહોના વિશેષ સંયોગને કારણે શુભ રહેશે. કોઈપણ નિર્ણય લેતા પહેલા કાળજીપૂર્વક વિચાર કરો. તમને વિશેષ સન્માન મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે સારો છે. કાર્ય-વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. કેટલાક નવા પ્રોજેક્ટ પણ શરૂ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે, આજે તમે જે પણ કામ ઉત્સાહથી કરો છો તે જ સમયે તેનું ફળ મળી શકે છે. અધૂરું કામ પૂર્ણ થશે.

કર્ક: આજનો દિવસ અન્ય દિવસોથી થોડો અલગ છે. આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર રહેશે. તમે ધાર્મિક યાત્રા પર જવાનું વિચારી શકો છો.

સિંહ: આ દિવસે દરેક કામ સાવધાનીથી કરવું જોઈએ. તમારા વર્તનમાં ધીરજ રાખો અને મોટા અવાજમાં બોલશો નહીં. તમારા ઘરમાં કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે, પરંતુ ધર્મની બાબતમાં આજે તમે થોડો સમય કાઢશો. તમે આ દિવસે આવા કેટલાક કામ કરી શકો છો.

તુલા: આજનો દિવસ સારો છે. વેપારમાં જોખમ લેવાનું પરિણામ આજે લાભદાયી રહેશે. સમસ્યાઓ ધીરજ અને તમારા નરમ વર્તનથી સુધારી શકાય છે.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે. તમારો દિવસ કેટલાક સર્જનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં પસાર થશે.

ધન: આજનો દિવસ દરેક બાબતમાં સાવચેત રહેવાનો દિવસ છે. ભલે તે સ્વાસ્થ્ય હોય કે પૈસા, તમારે બધામાં સમજદાર નિર્ણય લેવાની જરૂર છે.

મકર: આજનો દિવસ તમારી રાશિના લોકો માટે સાવધાની અને સતર્કતાનો દિવસ છે. પૈસાની બાબતમાં આજે કોઈ પણ પ્રકારનું જોખમ ટાળો.

કુંભ: સંપત્તિ અને સમૃદ્ધિની દ્રષ્ટિએ આજનો દિવસ શુભ છે. પરિવારમાં દરેક વ્યક્તિ સાથે રહેશે અને મિત્રો સાથે સાંજે પાર્ટી કરવાના મૂડમાં હશો.

મીન: આજનો દિવસ સામાન્ય છે. ભાગીદારીમાં કરવામાં આવતા વેપારમાં લાભ થશે અને આજે જીવનસાથી સાથે તમારી ખુશી વધશે.

# વડોદરામાં પરિણીતાને પતિ, સાસુ-સસરાએ મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા.૨૭

હાલ અમરેલીમાં રહેતી એક યુવતીને વડોદરામાં રહેતા સાસરિયાએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હીનાબેન મગનભાઈ વાળા (ઉ.વ.૨૮) એ પતિ અજયભાઈ કિશોરભાઈ આજગીયા, સસરા કિશોરભાઈ નાનજીભાઈ આજગીયા, સાસુ કૈલાશબેન તથા દિયર ખુશાલભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં વાસાવડ તથા વડોદરા મુકામે રહેતા હતા. પતિ તથા સાસુ-સસરા, દિયરે નાની વાતમાં ઢાકીપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એફ.એમ. કથીરી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના જાબાળ ગામેથી ૨૫ લીટર પીવાનો દેશી દારૂ ઝડપાયો

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાના જાબાળ ગામેથી એક યુવક પાસેથી ૨૫ લીટર પીવાનો દેશી દારૂ તથા ૫૦ લીટર વોશ પકડાયો હતો. પોલીસે કુલ ૬૩૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. અમરેલી જિલ્લામાંથી એક ફોટોગ્રાફર સહિત કુલ ૯ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા

ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર



લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧


## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી. ખાંભલીયા એડવોકેટ સરનામુ, ઓફિસ દેવ કોર્પોરેટ લીલીયા મોટા, મો.૮૪૬૦૪ ૪૮૧૮૨ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ / તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકોઃ-લીલીયા, મોજેઃ-બવાડી ના ના ખેડ ખાતા નં. ૨૯૬ ના રેવન્યુ સર્વે નં.૧૫૪ (જુ.સ.નં.૭૮/ પૈકી ૨) નુ ક્ષેત્રફળઃ-૩-૮૦-૩૫ ચો.મી. થી નોધાયેલ જે જુની શરતની છે. જે ખેતીની બિન પીયત જમીન સદરહુ જમીન ના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) અશોકભાઈ બાબુભાઈ સોજીત્રા,ના નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદર હુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હક્ક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હક્ક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમ માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ- દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાયત કચેરીની સામે,
લીલીયા મોટા - ૩૬૫૫૩૫

.................................
લી આપનો વિશ્વાસુ

**તંત્રી લેખ**

# રાષ્ટ્રના વિકાસનું વિદેશી સ્પીડબ્રેકર

વિશ્વમાં ભારત એવો દેશ છે જે સૌથી વધુ ઝડપથી વિકસી રહ્યો છે. ભારતનું અર્થતંત્ર નવી ઊંચાઈ સર કરી રહ્યું છે. ત્યારે ભારતના અગ્રણી ઔદ્યોગિક જૂથ અદાણી પર અમેરિકામાં જે આક્ષેપો કરવામાં આવ્યા છે તેને નિરાધાર ગણવામાં આવી રહ્યા છે. અગાઉ પણ હિડનબર્ગ દ્વારા અદાણી પર આક્ષેપ કરવામાં આવ્યા તેમાં કશું જ તથ્ય નહોતું. વિશ્વની સૌથી ધનાઢ્ય વ્યક્તિઓ પૈકીના એક ગૌતમ અદાણીએ થોડા દિવસો પહેલાં ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પના વિજયની ઉજવણી કરી હતી અને અમેરિકામાં ઊર્જા તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ૧૦ અબજ ડૉલરનું રોકાણ કરવાની યોજના જાહેર કરી હતી. ૬૨ વર્ષીય ગૌતમ અદાણીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના ગણવામાં આવે છે. ભારતીય અબજોપતિ ગૌતમ અદાણીનું ૧૬૯ અબજનું સામ્રાજ્ય બંદરો અને અક્ષય ઊર્જા સુધીના ક્ષેત્રોમાં ફેલાયેલું છે. તેમની સામે હવે અમેરિકામાં છેતરપિંડીના આરોપ મૂકવામાં આવ્યા છે. તેને લીધે દેશ-વિદેશમાં તેમની મહત્ત્વાકાંક્ષા પર જોખમ સર્જાઈ શકે છે. ફેડરલ પ્રોસિક્યુટર્સે તેમના પર ૨૫૦ મિલિયન ડૉલરની લાંચ યોજના બનાવવાનો અને અમેરિકામાંથી નાણાં એકત્ર કરવા માટે તેને છુપાવવાનો આરોપ મૂક્યો છે. તેમનો આરોપ છે કે ગૌતમ અદાણી અને તેમના અધિકારીઓએ ૨૦ વર્ષમાં બે અબજ ડૉલરના નફાના કૉન્ટ્રાક્ટ્સ મેળવવા માટે ભારતીય અધિકારીઓને લાંચ આપી હતી. અદાણી જૂથે પ્રસ્તુત આરોપોને "નિરાધાર" ગણાવીને નકારી કાઢ્યા છે. જોકે, આ આરોપો અદાણી જૂથ અને ભારતીય અર્થતંત્રને અસર કરી રહ્યા છે. અદાણી જૂથની કંપનીઓએ ગુરુવારે ૩૪ અબજ ડૉલરની માર્કેટ વેલ્યૂ ગુમાવી હતી. એ કારણે તેમની ૧૦ કંપનીઓની સંયુક્ત બજાર મૂડી ઘટીને ૧૪૭ અબજ ડૉલર થઈ ગઈ છે. આરોપોના કેન્દ્રમાં છે તે કંપની અદાણી ગ્રીન ઍનર્જીએ જણાવ્યું છે કે તે ૬૦ કરોડ ડૉલરના બૉન્ડ ઈસ્યુ બાબતે આગળ વધશે નહી. ભારતીય અર્થતંત્ર દેશના અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માંધાતા અદાણી સાથે ગાઢ રીતે જોડાયેલું છે. તેઓ ૧૩ બંદરો (૩૦ ટકા બજાર હિસ્સો), સાત ઍરપૉર્ટ (પેસેન્જર ટ્રાફિકના ૨૩ ટકા) અને ભારતના બીજા ક્રમના સૌથી મોટા સિમેન્ટ બિઝનેસ (૨૦ ટકા બજાર હિસ્સો)નું સંચાલન કરે છે. છ કોલ-ફાયર્ડ પાવર પ્લાન્ટ્સ સાથે અદાણી ભારતમાં વીજળી ક્ષેત્રે સૌથી મોટા ખાનગી પ્લેયર છે. એ ઉપરાંત તેમણે ગ્રીન હાઈડ્રોજનમાં ૫૦ અબજ ડૉલરના રોકાણનો સંકલ્પ કર્યો છે અને તેઓ ૮,૦૦૦ કિલોમીટર લાંબી ગૅસ પાઈપલાઈનનું સંચાલન કરે છે. તેઓ ભારતનો સૌથી લાંબો ઍક્સપ્રેસવે પણ બનાવી રહ્યા છે અને ભારતની સૌથી મોટી ઝૂંપડપટ્ટીનો પુનર્વિકાસ પણ કરી રહ્યા છે. તેઓ ૪૫,૦૦૦થી વધુ લોકોને રોજગાર આપે છે, તેમના બિઝનેસનો પ્રભાવ દેશમાં લાખો લોકો પર પડે છે. ગૌતમ અદાણીની વૈશ્વિક મહત્ત્વાકાંક્ષા ઈન્ડોનેશિયા તથા ઑસ્ટ્રેલિયામાં કોલસાની ખાણો, કેન્યા તથા મોરોક્કોમાં ઍરપૉર્ટ્સ અને ઊર્જા પ્રોજેક્ટ્સ સુધી ફેલાયેલી છે. તાંઝાનિયા અને કેન્યામાં એક અબજ ડૉલરથી વધુ મૂલ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર પણ અદાણી જૂથની નજર છે. અદાણી જૂથનો પૉર્ટફોલિયો નરેન્દ્ર મોદીની નીતિવિષયક અગ્રતાઓ સાથે ઘણો મળતો આવે છે. તેના પરના આક્ષેપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે રાષ્ટ્રના વિકાસને થંભાવી દેવાની એક ચાલ હોવાનું માનવામાં આવે છે.

# ભક્તિ યુગના તેજસ્વી નક્ષત્ર : સંત જ્ઞાનેશ્વર

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

**ભક્તિ સરીતાની અખૂટ ધારા વહેવડાવનાર સંત જ્ઞાનેશ્વર ભક્તિ યુગના સર્વોત્તમ સંત ગણાય છે. એમણે માત્ર ભક્તિ જ નહીં પરંતુ જ્ઞાનની અનેક જ્યોત જલાવી અને સમાજમાં આધ્યાત્મિકતાના સૂર્યનો ઉજાશ ફેલાવ્યો**

અધર્મનો નાશ કરવા માટે ઈશ્વરી યોજના મુજબ ભક્તિ યુગ રાષ્ટ્રમાં પ્રારંભ થયો હતો જેમાં લગભગ મોટાભાગના રાજ્યોમાં અલગ અલગ સંતોએ ધર્મની ધજા લહેરાવી હતી. મેવાડમાં મીરાબાઈ, ગુજરાતમાં નરસિંહ મહેતા, મહારાષ્ટ્રમાં સંત જ્ઞાનેશ્વર અગ્રણી સંત હતા. સંત જ્ઞાનેશ્વર ભક્તિ યુગના તેજસ્વી રત્ન સમાન સંત ગણાય છે. ભક્તિ યુગ ભારતીય ઈતિહાસનો એક મહત્વનો અને રસપ્રદ તબક્કો છે. આ સમયગાળામાં ભગવાન પ્રત્યેની ભક્તિ અને પ્રેમ લોકોના જીવનનો કેન્દ્રબિંદુ બની ગયો હતો. ભગવાન પ્રત્યેનો અપાર પ્રેમ સંત જ્ઞાનેશ્વરની વિશેષતા છે. ભક્તિ યુગમાં લોકો ભગવાનને પોતાના પરિવારના સભ્યની જેમ માનતા હતા. તેઓ ભગવાનની ભક્તિમાં એટલા લીન થઈ જતા હતા કે તેમને કોઈ દુઃખનો અનુભવ થતો નહીં. સંત જ્ઞાનેશ્વરે માત્ર ભક્તિ જ નહોતી કરી પરંતુ સમાજ સુધારણાનું મહત્વનું કામ કર્યું હતું. ભક્તિ સંતોએ સમાજમાં પ્રવર્તતા ખરાબ રિવાજો અને કુપ્રથાઓનો વિરોધ કર્યો અને સમાજ સુધારણાનું કામ કર્યું. ભક્તિ સંતોએ જાતિ, વર્ણ અને લિંગના ભેદભાવનો વિરોધ કર્યો અને સર્વસમાનતાનો સંદેશ આપ્યો. સાહિત્ય અને સંગીતઃ ભક્તિ સંતોએ ભક્તિગીતો, પદો અને ભજનો રચ્યા જે લોકોના હૃદયને સ્પર્શી જતા હતા. ભક્તિ સંતોએ સંસ્કૃતને બદલે લોકભાષામાં ઉપદેશ આપ્યો જેથી સામાન્ય લોકો પણ તેમના ઉપદેશો સરળતાથી સમજી શકે. ભક્તિ યુગના કેટલાક પ્રખ્યાત સંતોએ ભક્તિમાર્ગમાં ખૂબ મોટો પ્રદાન કર્યું છે આવા સંતોમાં સંત જ્ઞાનેશ્વરનું સ્થાન અગ્રતાક્રમે છે તેની સાથો સાથ અન્ય સંતોએ જે પ્રદાન કર્યું તે નીચે મુજબ છે. કબીરદાસ - તેમણે જાતિ, વર્ણ અને ધર્મના ભેદભાવનો વિરોધ કર્યો. તુલસીદાસ - તેમણે રામાયણની રચના કરી જે હિંદુ ધર્મનું એક મહત્વનો ગ્રંથ છે. સૂરદાસ - તેમણે કૃષ્ણ ભગવાન પર અસંખ્ય ભજનો રચ્યા. મીરાંબાઈ - તેમણે રાધા કૃષ્ણના પ્રેમનું અદ્‌ભુત વર્ણન કર્યું. ભક્તિ યુગ ભારતીય સંસ્કૃતિ અને સમાજ પર એક ઊંડી અસર કરનાર સમયગાળો હતો. આ સમયગાળામાં રચાયેલા સાહિત્ય અને સંગીત આજે પણ લોકોને પ્રેરણા આપે છે. મહારાષ્ટ્રના ભક્તિ-સંપ્રદાયના પ્રખર પ્રવર્તક તથા ભાગવત ધર્મના પ્રવક્તા સંત જ્ઞાનેશ્વરના પિતાનું નામ વિઠ્ઠલપંત તથા માતાનું નામ રખુમાબાઈ. ૪ સંતાનોમાં જ્ઞાનદેવ બીજા ક્રમના. નિવૃત્તિ નામના મોટા ભાઈ જ્ઞાનેશ્વરના આધ્યાત્મિક અને પારમાર્થિક ગુરુ. પિતા વિઠ્ઠલપંતે વિશ્વંભરે સ્વપ્નમાં આપેલી આજ્ઞાનું પાલન કરવા ઈન્દ્રાયણી નદીના તટ પર વસેલા અલંકાપુરના સિદ્ધેશ્વરપંતની કન્યા રુક્મિણી સાથે લગ્ન કર્યાં ખરાં; પરંતુ સંન્યાસ લેવાની તીવ્ર ઈચ્છા હોવાથી એક દિવસ વહેલી સવારે કોઈને કશું જ કહ્યા વગર તેમણે ગૃહત્યાગ કરી તીર્થક્ષેત્ર કાશી જઈ સંન્યાસ લીધો, ચૈતન્યાશ્રમ નામ ધારણ કરી કાશીના એક આશ્રમમાં શાસ્ત્રાધ્યયન અને વેદાન્તચિંતનમાં જીવન ગાળવા લાગ્યા. થોડાક દિવસ પછી કાશીના તેમના ગુરુ રામાનંદ સ્વામીનો આળંદીમાં અકસ્માત્ વિઠ્ઠલપંતનાં પત્ની રુક્મિણી સાથે ભેટો થઈ ગયો. રુક્મિણીની કથની સાંભળીને તે દ્રવી ઊઠ્યા અને તેને તથા તેના પિતાને સાથે લઈને તેઓ કાશી ગયા; ત્યાં વિઠ્ઠલપંતને ફરી ગૃહસ્થાશ્રમ સ્વીકારવાની તેમણે આજ્ઞા કરી. ગુરુની આજ્ઞા માથે ચડાવીને વિઠ્ઠલપંત રુક્મિણી સાથે ફરી સંસાર માંડવાના હેતુથી આળંદી પાછા આવ્યા; પરંતુ તેમનું આ પગલું રૂઢિ અને પરંપરાથી તદ્દન વિરોધી હોવાથી બંને પતિ-પત્ની લોકનિંદાનો ભોગ બન્યાં; એટલું જ નહિ, પરંતુ તે વખતના શિષ્ટ સંપ્રદાયનાં બ્રહ્મવૃંદોએ તેમનો બહિષ્કાર કર્યો તથા સગાંસંબંધીઓએ તેમનો ત્યાગ કર્યો. પરિણામે તેમને ૧૨ વર્ષ સુધી ગામની બહાર ઝૂંપડીમાં એકલવાયું જીવન ગાળવું પડ્યું.



આ જીવનકાળ ઈશસ્તવન અને આધ્યાત્મિક ચિંતનમાં તેમણે ગાળેલો. આ વર્ષો તેમનાં ચારે સંતાનોના સંસ્કારઘડતર માટે પાયારૂપ બન્યાં. બાહ્ય પરિસ્થિતિ સંપૂર્ણપણે પ્રતિકૂળ હોવા છતાં કુશાગ્રબુદ્ધિ ધરાવતાં આ ચારેય બાળકોના માનસ પર નાનપણથી જ વિદ્યાના અલૌકિક સંસ્કાર પડ્યા. પોતાના ત્રણેય પુત્રોના યજ્ઞોપવીત સંસ્કાર કરવા માટે વિઠ્ઠલપંતે બ્રહ્મવૃંદોની સભા સમક્ષ આજીજી કરીને સંમતિ માગી અને પ્રાયશ્ચિત્ત કરવાની તૈયારી પણ દર્શાવી, પણ બ્રાહ્મણસભાએ તે વિનંતી ન સ્વીકારતાં તીવ્ર આઘાતની અવસ્થામાં પત્નીને લઈને બાળકોને જાણ કર્યા વગર પ્રયાગ ગયા અને ત્રિવેણીસંગમમાં પડતું મૂકીને બંનેએ જીવનનો અંત આણ્યો. માતાપિતાથી વિખૂટાં પડેલાં બાળકો દુઃખી તો થયાં; પરંતુ તેમણે માનસિક સંતુલન જાળવી રાખ્યું અને નિત્યક્રમમાં પરોવાયાં. તે જમાનામાં પૈઠણ નગર દક્ષિણ કાશી તરીકે ઓળખાતું. એક દિવસ જ્ઞાનેશ્વરે મોટા ભાઈ નિવૃત્તિનાથને પૈઠણ જઇ ત્યાંનાં બ્રહ્મવૃંદોની સભામાં યજ્ઞોપવીત સંસ્કાર માટે સંમતિ મેળવવાનું સૂચવ્યું. નિવૃત્તિનાથે જ્ઞાનેશ્વરનું આ સૂચન સ્વીકાર્યું. ચારેય બાળકો પૈઠણ ગયા; પરંતુ ત્યાંનાં બ્રહ્મવૃંદોએ પણ કોઈ સંન્યાસીના પુત્રોને યજ્ઞોપવીત આપવા માટે શાસ્ત્રોની સંમતિ નથી એમ કહીને તેમની વિનંતીનો અસ્વીકાર કર્યો. અહીં જ્ઞાનેશ્વરની તપશ્ચર્યાની શક્તિની પરીક્ષા કરે તેવો વિસ્મયકારક બનાવ બન્યો. એક દિવસ આ બાળકો ગોદાવરી નદીના તટ પર બેઠાં હતાં ત્યારે ગામના યુવાન તોફાનીઓએ તેમની નિર્ભર્ત્સના કરવાના હેતુથી ત્યાં ઊભેલા એક પાડા તરફ નિર્દેશ કરીને 'તેનું નામ પણ જ્ઞાનેશ્વર જ છે' એવું ઉપહાસમાં કહ્યું અને પૂછ્યું કે તમારાં બંનેનાં નામ સરખાં જ છે તો શું તમે બંને સરખા જ છો? જ્ઞાનેશ્વરે જવાબ આપ્યો કે શરીરથી ભલે બંને જુદા છીએ છતાં બંનેનું આત્મરૂપ સરખું જ છે. વાત અહીં પતી નહિ. તોફાનીઓએ જ્ઞાનેશ્વરને કહ્યું કે અહીંના કેટલાક લોકો કહે છે તે મુજબ જો તમે ખરેખર બાલયોગી હો તો આ પાડાના મુખે વેદપઠન કરાવો. આ સાંભળીને જ્ઞાનેશ્વરે પાડા પાસે જઈ તેના મસ્તક પર હાથ ફેરવ્યો અને જોતજોતામાં પાડાના મુખમાંથી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદની ઋચાઓનું પઠન થવા લાગ્યું ! આ ચમત્કારથી પૈઠણના બ્રાહ્મણોએ શરમથી માથાં ઝુકાવ્યાં અને પશ્ચાત્તાપ કર્યો. પછી પૈઠણમાં રહી જ્ઞાનેશ્વરે અધ્યાત્મના ગ્રંથો પર વિદ્વત્-સમાજ સમક્ષ જાહેર પ્રવચનો કર્યાં, ત્યાર પછી આ ચારેય બાળકો અહમદનગર જિલ્લાના પ્રવરા નદી પર વસેલા નેવાસે ગામે આવ્યાં. કિંવદંતી મુજબ અહીં પણ ચમત્કારવાળી એક બીજી ઘટના ઘટી. જ્ઞાનેશ્વર ગામમાં પ્રવેશતા હતા ત્યારે ગામની સીમ પર એક સ્ત્રી પોતાના પતિના મૃતદેહ પાસે બેસીને આક્રોશ કરતી હતી. તેના પતિ વિશે પૃચ્છા કરતાં જ્ઞાનેશ્વરને જાણવા મળ્યું કે તેનું નામ સચ્ચિદાનંદ હતું અને તે ગામનો કુલકર્ણી (તલાટી) હતો. આ સાંભળીને જ્ઞાનેશ્વર બોલી ઊઠ્યા કે સત્, ચિત્ અને આનંદ ત્રણેનો મિલાપ જે માણસમાં હોય તેનું મૃત્યુ કેમ કરીને સંભવે ! આટલું કહીને જ્ઞાનેશ્વરે મૃતદેહ પર પ્રેમથી હાથ ફેરવ્યો અને તરત જ તે મૃત શરીરમાં નવેસર પ્રાણસંચાર થયો. પોતાના આધ્યાત્મિક ગુરુસમા મોટા ભાઈ નિવૃત્તિની આજ્ઞા મુજબ જ્ઞાનેશ્વરે ગામના શિવમંદિરમાં બેસીને ગીતાનું ૯૦૦૦ જેટલી ઓવી(કડી) ઓમાં મરાઠી ભાષાંતર કર્યું. તે જમાનાના એક હઠયોગી ચાંગદેવે પણ જ્ઞાનેશ્વરને મળવાનું નક્કી કર્યું. અહંકારી ચાંગદેવ મુલાકાત પૂર્વે પત્ર દ્વારા જ્ઞાનેશ્વરને પોતાના આગમનની સૂચના આપવા માગતા હતા; પરંતુ જ્ઞાનદેવ ઉંમરમાં નાના અને જ્ઞાનમાં ચડિયાતા હોવાથી પત્રના મથાળા વિશે અવઢવ થવાથી તેમણે પોતાના શિષ્ય સાથે જ્ઞાનદેવને કોરો કાગળ મોકલ્યો. નિવૃત્તિનાથે જ્ઞાનદેવને ચાંગદેવના કોરા કાગળના જવાબમાં તત્વચિંતનયુક્ત જવાબ મોકલવાની સલાહ આપી. જ્ઞાનદેવે ૬૫ ઓવીઓની રચના કરી ચાંગદેવને મોકલી. 'ચાંગદેવ પાસષ્ઠી' નામથી ઓળખાતી આ રચનાઓ વાંચતાં જ ચાંગદેવનો અહંકાર નાશ પામ્યો; એટલું જ નહિ, પરંતુ જ્ઞાનેશ્વરની ઉચ્ચકોટિની જ્ઞાનસાધના પ્રત્યે તેમના મનમાં આદરભાવ જાગ્યો. તે પોતાના શિષ્યસમુદાય સાથે જ્ઞાનેશ્વરને મળવા આળંદી પહોંચ્યા. ચાંગદેવના આગમનના સમાચાર તેના શિષ્ય દ્વારા મળ્યા ત્યારે જ્ઞાનેશ્વર અને પરિવારનાં અન્ય બાળકો એક દીવાલ પર બેઠાં હતાં. સમાચાર જાણતાં જ નિવૃત્તિનાથે ચાંગદેવનું સામૈયું કરવાની જ્ઞાનદેવને સલાહ આપી. જે તેમણે સ્વીકારી અને તેની સાથે જ ચારેય બાળકો સાથે તે ઓટલો જ ચાંગદેવની દિશામાં ખસવા લાગ્યો. આ ચમત્કારથી જ્ઞાનેશ્વરની શ્રેષ્ઠતામાં ચાંગદેવની શ્રદ્ધા દૃઢ થઈ. તેઓ મુક્તાબાઈના શિષ્ય બન્યા. હવે પોતાનું જીવનકાર્ય પૂરું થયું હોવાથી પોતે સમાધિ લેવી જોઈએ એવો વિચાર જ્ઞાનેશ્વરને આવ્યો. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૨ વર્ષની હતી. સમાધિ લેવા માટેના દિવસ પૂર્વે નામદેવ જેવા બધા જ તત્કાલીન સંતો જ્ઞાનેશ્વરનાં અંતિમ દર્શન માટે આળંદી પહોંચ્યા. ગામના સિદ્ધેશ્વરના મંદિર પાસે નિર્ધારિત દિવસે આ મહાન સત્પુરુષ બધા સંતોની ઉપસ્થિતિમાં ગુફામાં પ્રવેશ કરી બ્રહ્મલીન થયા. 'ભાવાર્થદીપિકા' (જ્ઞાનેશ્વરી) અને 'ચાંગદેવ પાસષ્ઠી' ઉપરાંત જ્ઞાનેશ્વરે 'અમૃતાનુભવ' નામના ગ્રંથની અને કેટલાક અભંગોની પણ રચના કરી છે. આમ સંત જ્ઞાનેશ્વરે ભારતીય સંસ્કૃતિ અને ધર્મની ભક્તિ સરિતાની અખૂટ ધારાનું સર્જન કર્યું જે પરમ સમીપે જવાનો એક અનોખો માર્ગ છે.

## શબ્દ સંજોગ-૧૯૦૬



**આડી ચાવી :**
(૧) વૈશાખ સુદ-૧૧ એટલે.....એકાદશી (૩)
(૩) મા સરસ્વતી (૩)
(૬) ગાલની ઉપરનો કાન પાસેનો માથાનો ભાગ (૩)
(૮) વજ્ર બનાવવા પોતાના હાડકા આપનાર ઋષિ (૩)
(૯) નીલ રંગનું રત્ન (૪)
(૧૧) સારાંશ, તાત્પર્ય (૨)
(૧૨) બંધન કારક (૩)
(૧૩) મોટી અગત્યની કે અઘરી બાબત (૨)
(૧૪) વગર ખોલેલું (૪)
(૧૬) રાત્રી, રાત (૩)
(૨૦) પુત્રી, બેટી (૩)
(૨૨) બાળ ભાષામાં ખાવાનું (૨)
(૨૪) બબ્બેની જોડીમાં રમાતો નૃત્ય પ્રકાર (૨)
(૨૫) સોના કે ચાંદીનું બારીક પાતળુ પતરુ (૩)
(૨૭) એક અંગ્રેજી મહિનો (૩)
(૨૮) રિવાજ (૨)
(૨૯) અંધકાર, અંધારુ (૩)
(૩૦) બધા, તમામ (૨)

**ઉભી ચાવી :**
(૧) ફિલ્મ : તેજાબમાં માધુરી દીક્ષિતનું નામ (૩)
(૨) એક રત્ન (૩)
(૩) ચતુર, ડાહ્યુ (૨)
(૪) મુંબઈનો એક પરા વિસ્તાર (૩)
(૫) યમરાજ પાસેથી બ્રહ્મવિદ્યા શીખનાર બ્રાહ્મણકુમાર (૪)
(૭) એક છંદ (૪)
(૧૦) લચકાવું તે (૩)
(૧૧) ખાંડના પાસાદાર ગાંગડા (૩)
(૧૩) વાનગી, જમવાની વસ્તુ (૨)
(૧૪) એક ચોઘડિયું (૩)
(૧૫) હવા-અજવાળા વગરનું સ્થાન (૪)
(૧૭) સાપની કાંચળી (૨)
(૧૮) ડાબું, સુંદર (૨)
(૧૯) ખ્યાલ, છાપ (૨)
(૨૧) ...કથા (૩)
(૨૩) મોટી પૈડાવાળી પેટી (૩)
(૨૪) ચોખા કે ભાત (અંગ્રેજીમાં) (૩)
(૨૬) લેખ, લખત (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૫ જવાબ

**આડી ચાવી:** (૧) કેશકલાપ (૫) યાદવ (૭) શક (૮) તકલાદી (૧૦) વટક (૧૨) વાજ (૧૩) નાન (૧૪) સમાન (૧૬) યદા (૧૭) હેં (૧૯) રબ (૨૧) વે (૨૩) રવાના (૨૫) શબનમ (૨૭) સબક (૨૯) કાર (૩૦) કતલ (૩૨) રાત (૩૩) શણ (૩૪) તમક.

**ઉભી ચાવી:** (૧) કેશવ (૨) શકટ (૩) લાત (૪) પકવાન (૫) યાદી (૬) વર્તન (૯) લાજ (૧૧) કસ (૧૩) નાદાર (૧૫) માર્ગ (૧૮) દવા (૨૦) બરકત (૨૨) એબ (૨૩) રમત (૨૪) નાસ (૨૫) શરણ (૨૬) નકશો (૨૮) બરાક (૨૯) કાશ (૩૧) લત.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૯૬ | ૬૭૮ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૮૩૧ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૩૪ | ૪૫૪ |
| તુવેર | ૧૫૦૦ | ૨૦૬૮ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૬૯૦ |
| મગ | ૧૨૦૦ | ૧૬૪૯ |
| ચોળી | ૧૩૭૫ | ૩૧૦૦ |
| મઠ | ૯૦૦ | ૧૨૦૦ |
| કળથી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૧૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૧૭૦ |
| તલી | ૨૧૦૦ | ૨૮૪૦ |
| એરંડા | ૯૫૧ | ૧૨૧૬ |
| અજમો | ૧૯૯૫ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૮૧ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૯૫૦ | ૪૪૨૫ |
| લસણ | ૪૨૫૦ | ૫૯૧૧ |
| ધાણા | ૧૩૭૦ | ૧૫૧૧ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૫૬૯ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૧૨ |
| રાય | ૧૦૪૦ | ૧૨૬૭ |
| મેથી | ૧૦૬૦ | ૧૨૪૩ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૯૮૮ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૪૫૦૦ | ૫૪૦૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૧૦૬૦ |
| બટેટા | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૬૭૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૪૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૮૦ | ૧૨૦ |
| કારેલા | ૩૫૦ | ૬૦૦ |
| સરગવો | ૧૪૦૦ | ૩૫૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૫૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૫૦ |
| ગાજર | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| તુવેરસીંગ | ૭૦૦ | ૧૦૪૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૫૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૩૦૦૦ | ૫૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૦ | ૧૦૯૩ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૨૩૧ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૬ | ૧૨૮૫ |
| તલ સફેદ | ૧૫૨૫ | ૨૯૫૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૪૪૨૫ |
| તલ કાશ્મીરી | ૩૦૪૦ | ૩૨૫૭ |
| ઘઉં ટુકડા | ૫૭૧ | ૭૦૭ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૪૧ |
| જુવાર | ૪૯૧ | ૮૨૪ |
| એરંડા | ૧૧૩૫ | ૧૨૪૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૩૯૨ |
| કપાસ | ૮૦૦ | ૧૪૪૨ |
| જીરું | ૩૪૧૦ | ૪૫૨૫ |
| ધાણા | ૧૧૮૦ | ૧૩૯૨ |
| સોયાબીન | ૬૫૨ | ૮૩૫ |
| મરચા | ૬૦૦ | ૨૫૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૫૨૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૫૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૨૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૩૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી | ૨૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૭૦૬ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૨૦૧ |
| સિંગ ફાડીયા | ૭૮૧ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૨૩૧ | ૧૨૬૧ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૭૪૧ |
| વરીયાળી | ૫૦૧ | ૧૧૭૬ |
| ધાણા | ૯૦૦ | ૧૮૭૧ |
| લસણ સુકું | ૧૯૯૧ | ૫૭૩૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૮૭૧ |
| અડદ | ૧૦૧૧ | ૧૬૪૧ |
| મઠ | ૬૭૬ | ૬૭૬ |
| તુવેર | ૧૪૧૧ | ૧૯૩૧ |
| મેથી | ૯૭૬ | ૧૧૪૧ |
| કાંગ | ૭૨૬ | ૧૦૯૧ |
| સુરજમુખી | ૫૭૬ | ૫૭૬ |
| મરચા | ૪૫૧ | ૨૮૦૧ |
| મગફળી જાડી | ૬૫૧ | ૧૨૮૧ |
| સફેદ ચણા | ૧૨૭૬ | ૨૫૧૧ |
| તલ - તલી | ૨૦૦૦ | ૨૫૩૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૨૧ |
| બાજરો | ૫૦૧ | ૫૧૧ |
| જુવાર | ૪૩૧ | ૮૫૧ |
| મગ | ૧૧૫૧ | ૧૭૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૧૭૫ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૯૩ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૪૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૪૫ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૨ |
| ચણા | ૮૦૦ | ૧૨૦૫ |
| અડદ | ૯૦૦ | ૧૬૩૨ |
| મગફળી | ૭૦૦ | ૧૧૮૨ |
| સોયાબીન | ૬૫૦ | ૮૩૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૭૦ | ૧૫૩૫ |
| કપાસ કોડી | ૧૨૯૦ | ૧૩૫૦ |
| મગફળી નવી | ૯૬૦ | ૧૦૬૦ |
| અડદ | ૧૧૫૫ | ૧૫૦૫ |
| ઘઉં | ૫૧૦ | ૬૦૦ |
| જીરૂ | ૪૦૨૦ | ૪૫૦૦ |
| તલ સફેદ | ૨૦૮૫ | ૨૩૦૫ |
| તલ કાળા | ૩૦૪૦ | ૪૨૦૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૨૯૫ |
| સોયાબીન | ૭૭૯ | ૮૦૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૦૩૧ | ૧૧૬૮ |
| શીંગ ૩૨ | ૯૦૧ | ૧૦૨૫ |
| શીંગ ૩૯ | ૯૩૫ | ૧૧૨૯ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૨ | ૧૧૭૧ |
| જુવાર | ૩૦૦ | ૯૭૫ |
| બાજરી | ૪૧૧ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૭૪૮ |
| અડદ | ૮૯૧ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૭૮ | ૯૦૯ |
| ચણા | ૧૦૯૩ | ૧૯૦૧ |
| તલ કાળા | ૨૩૦૦ | ૪૫૪૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૫૦ |
| જીરૂ | ૧૭૦૦ | ૪૪૫૦ |
| ડુંગળી લાલ નવી | ૧૫૧ | ૯૫૨ |
| ડુંગળી સફેદ | ૩૦૦ | ૮૬૬ |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૯ |
| નાળીયેર | ૩૮૬ | ૩૦૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૩૮ |
| ઘઉં લોકવન | ૪૧૬ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૫૮૮ |
| અડદ | ૧૧૩૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૮૫૦ | ૧૦૪૧ |
| ચણા | ૮૯૦ | ૧૨૫૫ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૮૦ |
| તલ સફેદ | ૧૪૨૦ | ૨૪૨૦ |
| ધાણા | ૯૨૫ | ૧૩૨૦ |
| મગ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| મકાઈ | ૫૭૦ | ૫૭૦ |
| લસણ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૯૯ | ૧૪૬૪ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૧૦૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૦૦ |
| કપાસ | ૧૩૩૦ | ૧૫૦૦ |
| બાજરો | ૫૨૧ | ૬૮૦ |
| ઘઉં ટુકડા | ૫૮૧ | ૬૬૩ |
| જુવાર | ૭૫૧ | ૮૨૬ |
| મગ | ૨૨૨૨ | ૩૦૦૧ |
| અડદ | ૨૦૫૧ | ૨૦૫૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૪૬૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૫૬૫૨ |
| સોયાબીન | ૮૧૧ | ૮૨૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૦૨ | ૧૪૮૪ |
| મગફળી | ૯૫૦ | ૧૧૧૯ |
| સોયાબીન | ૭૨૧ | ૭૩૫ |
| જુવાર | ૭૨૬ | ૭૩૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૪૩ | ૧૫૦૧ |
| મગફળી | ૮૨૧ | ૧૨૦૦ |
| સોયાબીન | ૬૮૫ | ૭૯૪ |
| ઘઉં | ૫૦૫ | ૫૯૩ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**૨૬ નવેમ્બરે બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે બંધારણ દિવસની ગરિમામય ઉજવણી**

# બંધારણને માત્ર પુસ્તક નહી, રાષ્ટ્રહિત સર્વોપરીના ભાવને જીવનશૈલી બનાવીએ : મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૬ નવેમ્બરે બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે બંધારણ દિવસની ગરિમામય ઉજવણીમાં આહ્‌વાન કર્યું કે, બંધારણને માત્ર પુસ્તક સ્વરૂપે ન જોતા તેના રાષ્ટ્રહિત સર્વોપરીના ભાવને આપણી જીવનશૈલી બનાવીએ. ૧૯૪૯માં તા.૨૬ નવેમ્બરે અંગીકાર થયેલા આપણા અદ્વિતીય બંધારણના મૂલ્યોને પ્રોત્સાહન આપવાની રાષ્ટ્રહિત ભાવના ઉજાગર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી સમગ્ર દેશમાં ૨૦૧૫થી દર વર્ષે ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે બંધારણના ઘડતરના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે તે સંદર્ભમાં વડાપ્રધાનની પ્રેરણાથી "હમારા સંવિધાન, હમારા સ્વાભિમાન" થીમ સાથે અમૃતકાળનો આ બંધારણ દિવસ દેશભરમાં ઉજવાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની



અધ્યક્ષતામાં ગાંધીનગરમાં આ દિવસની ગરિમામય ઉજવણી અન્વયે મુખ્યમંત્રી સહિત મંત્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ, મુખ્ય સચિવ રાજકુમાર અને વરિષ્ઠ સચિવો સૌએ બંધારણના આમુખનું સામૂહિક પઠન કર્યું હતું. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, ભારતીયતા આપણો ધર્મ છે તો બંધારણ આપણો ધર્મગ્રંથ છે એટલું જ નહીં, નાગરિક ધર્મ નિભાવવામાં આ બંધારણ આપણા સૌનું પથદર્શન કરે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, જનહિતના કોઈપણ કામ માટે ફ્રી હેન્ડ એ આપણા બંધારણનું હાર્દ છે ઉપરાંત 'વી ધ પીપલથી' શરૂ થતું બંધારણ "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ની ભાવના પણ સાકાર કરનારું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બંધારણ સભા દ્વારા બંધારણ નિર્માણ અને સ્વીકારમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરના અમૂલ્ય યોગદાન સાથે સરદાર વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુન્શી, હંસાબેન મહેતા જેવા ગરવા ગુજરાતીઓના પ્રદાનનું પણ સ્મરણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, બંધારણે ભારતને ગુલામીના લાંબા અંધકાર બાદ પહેલી વખત સાર્વભૌમત્વની સવારનું કિરણ દેખાડ્યું હતું.

# અમરેલી જિલ્લાના દરેક તાલુકામાં ૧૪ ડિસે.એ લોક અદાલત યોજાશે

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રિક્ટ જજના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત તેમજ જિલ્લાની દરેક તાલુકાની કોર્ટમાં તા.૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ને શનિવારના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

આ લોક અદાલતનો મહત્તમ પક્ષકારો લાભ લઈ શકે તે માટે ગુજરાત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસ, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર જેવા તમામ પ્રકારના કે, રાજ્યના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર હોય તેવા કેસ સમાધાન માટે આ લોક અદાલતમાં મૂકી શકાશે. આ તકનો લાભ લેવા નજીકની તાલુકા, જિલ્લા કે હાઈકોર્ટમાં કાનૂની સેવા સત્તા મંડળનો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો, કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટની મુલાકાત કરવી, તેમ અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# SGVP ગુરુકુલમાં સાહિત્યકારોનું સ્નેહ સંમેલન અને ૨૧ પુસ્તકોનું વિમોચન

અમદાવાદ,તા.૨૭

વેદગાનથી ગુંજતા SGVP ગુરૂકુલમાં આજે દીપાવલી નૂતન વર્ષનું પ્રથમ સાહિત્યકાર સ્નેહ સંમેલન યોજાયું. પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સંમેલનમાં વરિષ્ઠ સાહિત્યકારો, શિક્ષણવિદો અને સંતો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તિપ્રકાશદાસજી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં યોજાયેલ દિવ્ય અનુષ્ઠાન પ્રસંગે ભાણદેવજી મહારાજના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝેડ-કેડ પબ્લિકેશન દ્વારા કુલ ૨૧ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં ભાણદેવજી મહારાજના ૧૪ ગ્રંથો, ડો. નિરંજનભાઈ રાજ્યગુરુના ત્રણ ગ્રંથો અને ડો. પ્રસાદ બ્રહ્મભટ્ટના એક ગ્રંથનો સમાવેશ થાય છે. આ પ્રસંગે પદ્મશ્રી



કુમારપાળ દેસાઈ, પી.કે. લહેરી જેવા મહાનુભાવોએ ગુરૂકુલની આધ્યાત્મિક ચેતના અને ગુજરાતી ભાષાના જતન માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા. ભાણદેવજી મહારાજે સાહિત્ય સર્જનને ઉત્તમ સ્વાધ્યાય કાર્ય ગણાવ્યું અને ગુરૂ આજ્ઞાથી પચાસ વર્ષ પછી સાહિત્ય લેખનની શરૂઆત કરીને અત્યાર સુધીમાં કુલ ૨૬૯ જેટલા પુસ્તકો પ્રગટ થયા હોવાનું જણાવ્યું હતું. ડો. પ્રસાદ બ્રહ્મભટ્ટે પુસ્તકને માનવજાતનું મગજ ગણાવ્યું અને ભારતીય ભાષાઓના સાહિત્ય સર્જનને સર્વશ્રેષ્ઠ ગણાવ્યું હતું.

# અમરેલીની આંગણવાડી હેલ્પર આશાબેન ત્રિવેદીને નિવૃત્તિ બાદ વિદાયમાન અપાયું

અમરેલી,તા.૨૭

અમરેલી શહેરના આંગણવાડી કેન્દ્ર નંબર ૧૭૨ ટેલીફોન ક્વાર્ટર ખાતે આજે હેલ્પર આશાબેન ત્રિવેદીનો નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. સમારંભમાં આઈસીડીએસ ઘટકના સુપરવાઈઝર અંજલિબેન અગ્રાવત સહિત મોટી સંખ્યામાં આંગણવાડી વર્કર બહેનોએ



ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે આશાબેન ત્રિવેદીએ પોતાના કાર્યકાળ દરમિયાન હેલ્પર તરીકે ખૂબ જ સુંદર અને શ્રેષ્ઠ કામગીરી કરી હતી. ઉપસ્થિત આંગણવાડી વર્કર બહેનોમાં ભારતીબેન ડાબસરા, કિરણબેન વામજા, મનિષાબેન સાનેપરા, રચનાબેન પંડ્યા, તૃપ્તિબેન ત્રિવેદી, જુલીબેન દુધાત, ઈન્દુબેન ડાભી, રૂપાબેન જોશી, મોનિકાબેન દવે, અંજનાબેન દવે, હીનાબેન ત્રિવેદી, હેતલબેન જાની, કિરણબેન હડિયલ, હિરલબેન વર્ણાગર, કૈલાશબેન સોલીયા, ગાયત્રીબેન ત્રિવેદી તથા અન્ય બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં ગૌવંશના રક્ષણ માટે આજે જાહેર મિટિંગ યોજાશે

બગસરા, તા.૨૭

બગસરા શહેરમાં માલિકી વિહીન ગાયોને ઠંડીના સમયમાં રક્ષણ માટે ગુરૂવાર તા. ૨૮ ના રોજ જાહેર મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. બગસરા શહેરમાં બીમાર, અશક્ત તથા માલિકી વિહીન ગાયોને રક્ષણ આપવા માટે ગૌરક્ષક સમિતિ તથા આરોગ્ય રક્ષક સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં બગસરા શહેરના તમામ રાજકીય આગેવાનો, સામાજિક સંસ્થાઓના હોદ્દેદારો, તમામ જ્ઞાતિના પ્રમુખો તથા કારોબારી સભ્યો તેમજ ગૌવંશના રક્ષણ માટે સેવા કાર્ય ઈચ્છતા લોકોને આ મિટિંગમાં જુના સ્વામિનારાયણ મંદિર ખાતે રાત્રે ૯:૦૦ કલાકે ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. વિવેક સ્વરૂપ સ્વામીના અધ્યક્ષ સ્થાને મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે.

# માત્ર રૂા.૭૦ ફી ભરી પેન્શનધારકોને જીવન પ્રમાણપત્ર ઘરબેઠા મળી શકશે

અમરેલી,તા.૨૭

પેન્શનધારકોએ દર વર્ષે સામાન્ય રીતે નવેમ્બર-ડિસેમ્બરમાં ટ્રેઝરી, બેંક અથવા સંબધિત વિભાગમાં જીવન પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. જેના માટે દૂર-દૂરના વિસ્તારમાં રહેતા પેન્શનરોને ટ્રેઝરીમાં જવા ઘણી વખત મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાં પણ ખર્ચ થતો હોય છે. પરંતુ હવે ભારતીય ડાક વિભાગ દ્વારા તમામ વિભાગના પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા અપાઈ રહી છે. આ માટે રૂપિયા ૭૦ની ફી નિર્ધારીત કરાઈ છે. આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઓનલાઈન પહોંચી જશે અને પેન્શન મળવામાં કોઈ અડચણ નહીં થાય. પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે,''ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કે ૨૦૨૦માં કેન્દ્રીય, રાજ્ય અને કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થાના પેન્શનધારકો માટે જીવન પ્રમાણપત્ર શરૂ કરવા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની ડોર સ્ટેપ સેવા શરૂ કરી હતી. જે પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરના સમન્વયમાં છે. આ સુવિધાનો લાભ મેળવવા પેન્શનધારકો પોતાના વિસ્તારના પોસ્ટમેન સાથે તેમજ પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન અનુરોધ કરી શકે છે. પોસ્ટ વિભાગની પહેલ પેન્શનધારકોને ઘણી સુવિધા આપશે તેમજ તેની સાથે પેન્શનધારક પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પેન્શનની રકમ આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ દ્વારા પોતાના બેંક ખાતામાં મેળવી શકશે.

# મહુવા શહેરમાં કાગબાપુની જયંતી પર પરિવારે પૂજન કર્યું



તસવીર : ગોપાલ રાઠોડ

મહુવા, તા.૨૭

મહુવાના કાગબાપુ ચોકમાં કવિ કાગબાપુની ૧૨૧મી જયંતી પર કાગબાપુના પરિવારે ફૂલહાર અને પૂજન કર્યું હતું. મહુવા શહેરમાં મધ્યભાગમાં આવેલા સુપ્રસિદ્ધ પદ્મશ્રી કવિ દુલાભાયા કાગ ચોકમાં કાગ પરિવાર દ્વારા પૂજ્ય બાપુને પૂજન ફુલહાર અને પૂજન વિધિ કાગ પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

# ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિરનો આઠમો પાટોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

ધોરાજી,તા.૨૭

ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિરનો અષ્ટમ પાટોત્સવ તા. ૨૪ નવેમ્બર, રવિવારના રોજ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. સવારે ૮ થી ૯ દરમિયાન પાટોત્સવ મહાપૂજા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ભાગ લીધો હતો. ત્યારબાદ સવારે ૧૧ વાગ્યે મ્યુઝિકના સૂરો સાથે આરતી યોજાઈ હતી. આ પ્રસંગે



હરિભક્તો દ્વારા ઠાકોરજીને ૫૦૦થી વધુ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટના દર્શન સવારે ૧૧થી સાંજના ૭ વાગ્યા સુધી ધોરાજીની ધર્મપ્રેમી જનતા માટે ખુલ્લા રાખવામાં આવ્યા હતા, જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. સાંજે ૫ થી ૭ દરમિયાન યોજાયેલી સત્સંગ સભામાં સારંગપુરથી પધારેલા વેદાંતાચાર્ય અને પીએચડી થયેલા જ્ઞાનનયન સ્વામીએ વિશેષ લાભ આપ્યો હતો. પાટોત્સવને સફળ બનાવવા માટે પૂજ્ય કલ્યાણમૂર્તિ સ્વામી અને પૂજ્ય સેવાનંદ સ્વામીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સત્સંગ મંડળના ભાઈઓ-બહેનો, યુવક-યુવતીઓ તેમજ બાળકો-બાળિકાઓએ ઉત્સાહપૂર્વક સેવા આપી હતી.

# ધો.૯ થી ૧૨ ની શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા ઉમેદવારોની માંગ

ઉના, તા.૨૭

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ધો.૯ થી ૧૨ ની શિક્ષણ સહાયક TAT અને TET ની દ્વિ-સ્તરીય પરીક્ષા પાસ થયેલા ઉમેદવારોની ભરતીની જગ્યામાં વધારો કરી ક્રમિક ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારોએ ઉના મામલતદારને લેખિત રજૂઆત કરી હતી. રાજ્ય સરકાર દ્વારા



વર્ષ-૨૦૨૩માં TAT(S) અને TAT (HS)ની દ્વિ-સ્તરીય પરીક્ષા લેવાયેલ હતી. જેમાં કુલ ૩૬,૭૩૦ જેટલા ઉમેદવારો પાસ થયેલ છે. રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત શિક્ષણ સહાયકોની ૧૫૦૦૦ કરતાં વધુ જગ્યાઓ ખાલી છે. તેમજ ૩૧/૧૦/૨૦૨૪ સુધીમાં ઘણા શિક્ષણ સહાયકો નિવૃત્ત થનાર છે. તેની સામે માત્ર ૭૫૦૦ શિક્ષણ સહાયકોની ભરતી કરવાના રાજ્ય સરકારના નિર્ણયથી લાખો ઉમેદવારોને અન્યાય થાય તેમ છે.

# ગીર ગઢડાના રસુલપરા ગામે દૂધનો ટેમ્પો પલ્ટી મારી જતા વિદ્યાર્થીઓને ઈજા

ઉના, તા.૨૭

ગીરગઢડાના રસુલપરા ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે દૂધના ટેમ્પોમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે ઝાંખીયા રોડ પર અચાનક ટેમ્પો ચાલકે સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવતા પલ્ટી ખાઈ ગયો હતો.

જેમાં બેસેલા વિદ્યાર્થીઓને ઈજા પહોંચતા સારવાર અર્થે ઉના ખાનગી હોસ્પિટલમાં



તસવીર : કૈલેશ ભટ્ટ

ખસેડવામાં આવ્યા હતા. જોકે અકસ્માત સર્જાતા રસ્તા પર વાહનોનો ટ્રાફિક જામ થઈ ગયો હતો. રસુલપરા ગામમાં એસ.ટી. બસ આવતી ન હોવાથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. કોઈપણ ખાનગી વાહનોમાં અભ્યાસ માટે આવવું પડે છે. અકસ્માતથી વાલીઓ ચિંતામાં મુકાઈ ગયા હતા. આ વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટે એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ કરાવવા વાલીઓમાંથી માંગ ઉઠી છે.

# સાવરકુંડલામાં નગરપાલિકાએ ૨૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું

સાવરકુંડલા,તા.૨૭

સાવરકુંડલા નગરપાલિકાએ આજે વેપારીઓ પાસેથી ૨૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું હતું અને ટીમ દ્વારા વેપારીઓ પાસેથી રૂ. ૧૪૦૦નો દંડ વસુલાયો હતો. નગરપાલિકાની ટીમે શહેરના વિવિધ ૬ સ્થળોએથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. પાલિકાની ટીમે પ્લાસ્ટિકના વેપારીઓ, રીટેલરો, દુકાનદારોને



ત્યાં ગેરકાયદે-પ્લાસ્ટિકનું ચેકીંગ હાથ ધર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાતું હોય છે.


**:: હોડીના કોલમાં તથા લાઈસન્સમાં નામ સુધારા જાહેર પ્રસિધ્ધિ ::**

**સોગંદનામું**

આથી હું નીચે સહી કરનાર **ભેસલિયા જુમાભાઈ ઈબ્રાહીમભાઈ**, ઉ.વ. આ. ૫૧, ધંધો.માચ્છીમારી, રહે.મુળદ્વારકા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ વાળા મારા ધર્મની પ્રતીજ્ઞા પર જાહેર કરૂ છુ કે.........

(૧) સદરહું ઉપર બતાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છું.

(૨) સદરહું મારા નામે ચાલુ બોટ નામે "**વસિલા ૩**" જેના રજી. નં. IND-GJ-32-MO-5862 & 04/09/2021 જેના લાયસન્સ નં. GJ-L99705/21&31/10/2021 થી આવેલ છે જેમા મારુ નામ **જુમાભાઈ ઈબ્રાહીમ મછીયારા** (Jumabhai Ibrahim Machhiyara) લખાયેલ છે જેમા મારી અટક "**મછીયારા** (Machhiyara)" લખાયેલ છે જે શરત ચુકથી ખોટી લખાયેલ છે ખરેખર અમારી સાચી અટક "**ભેસલિયા** (Bhesaliya) છે. તો મારા કોલ તથા લાયસન્સમા મારુ નામ **જુમાભાઈ ઈબ્રાહીમ મછીયારા** (Jumabhai Ibrahimbhai Machhiyara) લખાયેલ છે જે સુધારી મારુ સાચુ નામ **ભેસલિયા જુમાભાઈ ઈબ્રાહીમભાઈ** (Jumabhai Ibrahimbhai Bhesaliya) લખવાનું છે. આમ **જુમાભાઈ ઈબ્રાહીમ મછીયારા** (Jumabhai Ibrahim Machhiyara) તથા **ભેસલિયા જુમાભાઈ ઈબ્રાહીમભાઈ** (Jumabhai Ibrahimbhai Bhesaliya) આ બંને નામ વાળી વ્યકિત હું પોતે એક જ છું. જે હું સોગંદનામા ઉપર જાહેર કરુ છું અને ભવિષ્યમા આ બાબતે આવનારી તમામ જવાબદારી હું સોગંદલેનાર પક્ષકારના શીરે રહેશે જેની કબુલાત આપુ છુ. (૩) આ સોગંદનામાનો ઉપયોગ મારે મારી ઉપરોકત દર્શાવેલ બોટમા મારા નામનો સુધારો કરવા માટે ફીશરીઝ કચેરી વેરાવળમા રજુ કરવા માટે લેવાનું છે. આ સીવાય અન્ય કોઈ ઉપયોગમા લેવાનું નથી. (૪) આ સોગંદનામા મા જણાવેલ તમામ હકીકત સત્ય અને ખરી છે. અને ખોટુ સોગંદનામું કરવુ તે ગુન્હો બને છે. અને તેની મને સમજ આપવામાં આવેલ છે.



ઉપર જણાવેલ તમામ હકીકત સત્ય અને ખરી છે.

**તા. ૨૬/૧૧/૨૦૨૪**
**સ્થળ. કોડીનાર**

**સોગંદ લેનારની સહી**

**સહિ,**

# લખનૌ-આગ્રા એક્સપ્રેસ વે પર ટ્રક સાથે કાર અથડાતા પાંચ ડોક્ટરોના મોત

કાનપુર,તા.૨૭

ઉત્તર પ્રદેશના કન્નૌજ જિલ્લામાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. લખનૌ-આગ્રા એક્સપ્રેસ વે પર એક ભયાનક માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. જ્યારે એક ઘાયલ થયો છે. કાર કાબુ બહાર જઈને ડિવાઈડર તોડીને બીજી સાઈડ પસાર થતી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં સૈફઈ મેડિકલ યુનિવર્સિટીના પાંચ ડોકટરોના કરૂણ મોત થયા હતા. મળતી માહિતી મુજબ આગ્રા લખનૌ એક્સપ્રેસ વે પર સવારે ૩.૩૦ વાગ્યે ૧૯૬ નંબરના કિલોમીટર પર આ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં સૈફઈ મેડિકલ યુનિવર્સિટીના પાંચ ડોકટરોના કરૂણ મોત થયા હતા. અકસ્માતનો ભોગ બનેલા તમામ તબીબો લખનૌમાં લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. સવારે ૩:૪૩ વાગ્યે, કંટ્રોલ રૂમમાંથી માહિતી મળી કે લખનૌ-આગ્રા એક્સપ્રેસ વેના કિલોમીટર નંબર ૧૯૬ પર અકસ્માત થયો છે.



માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સ્કોર્પિયો આગ્રા જઈ રહી હતી, ચાલકને ઊંઘ આવવાને કારણે કાર ડિવાઈડર તોડી સામેની સાઈડ આવી ગઈ અને આગ્રા તરફથી આવી રહેલા એક ટ્રક સાથે અથડાઈ. આ અકસ્માતમાં રાધા વિહાર એક્સટેન્શન કમલા નગર આગરાના રહેવાસી પવન કુમાર વર્માના પુત્ર અનિરુદ્ધ વર્મા સહિત પાંચ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે.

**શિંદેએ પત્રકાર પરિષદમાં સ્પષ્ટતા કરતા ફડણવીસનો માર્ગ મોકળો**

# અમે ભાજપના મુખ્યમંત્રીને સ્વીકારવા તૈયાર, કોઈ મતભેદ નથી: એકનાથ શિંદે

થાણે,તા.૨૭

મહારાષ્ટ્ર ચૂંટણીના પરિણામોના ચાર દિવસ બાદ નવા CMને લઈને સ્થિતિ સ્પષ્ટ થતી જોવા મળી રહી છે. બુધવારે થાણેમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે એકનાથ શિંદેએ કહ્યું કે, અમે બીજેપીના CMને સ્વીકારીએ છીએ. મેં મોદીજીને ફોન કર્યો હતો, અમારી વચ્ચે કોઈ મતભેદ નથી, મનમાં કોઈ અડચણ ન લાવો. અમે બધા NDAનો ભાગ છીએ. ભાજપની બેઠકમાં જે પણ નિર્ણય લેવામાં આવશે તે અમે સ્વીકારીશું. સ્પીડ બ્રેકર નથી. અમે સરકાર બનાવવામાં અવરોધ નહીં બનીએ. શિંદેએ વધુમાં કહ્યું કે, હું મારી જાતને ક્યારેય મુખ્યમંત્રી નથી માનતો. મેં હંમેશા સામાન્ય માણસ તરીકે કામ કર્યું છે. આ જનતાની જીત છે. સમર્થન માટે જનતાનો આભાર. ચૂંટણી વખતે સવારે પાંચ વાગ્યા સુધી કામ કરતા હતા. તમામ કાર્યકરોએ ખૂબ જ મહેનત કરી હતી.



# મહારાષ્ટ્રમાં સરકાર બન્યા પહેલા જ મરાઠા આંદોલનનો રણટંકાર

મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રમાં હાલ સરકારની રચના મુદ્દે રસાકસીનો માહોલ જોવા મળ્યો છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે મુખ્યમંત્રીના પદને લઈ ચાલી રહેલા વિવાદના કારણે સરકારનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ નથી. બીજી તરફ મરાઠા અનામત મામલે આંદોલન શરૂ થવાની તૈયારી છે. જેથી નવી સરકાર સત્તામાં આવ્યા બાદ આ પડકારનો સામનો કરવો પડી શકે છે. ચૂંટણીમાં મરાઠા અનામત આંદોલનની કોઈ ખાસ અસર જોવા મળી ન હતી. પરંતુ સત્તાધારી પક્ષની પ્રચંડ જીત બાદ ફરીથી આંદોલન છેડાઈ શકે તેવા અહેવાલો મળ્યા છે. મરાઠા અનામતની માગ કરતાં મનોજ જારાંગે પાટિલે નવેસરથી આંદોલન કરવાનો નિર્ણય લીધો છે. તેમણે નિવેદન આપ્યું હતું કે, તે હવે સામૂહિક ધોરણે ભૂખ હડતાળ કરશે.



# રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ એનએસજી કમાન્ડોની ટાસ્ક ફોર્સ જમ્મુ શહેરમાં કાયમી ધોરણે હાજર રહેશે

જમ્મુ,તા.૨૭

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ એનએસજી કમાન્ડોની ટાસ્ક ફોર્સ જમ્મુ શહેરમાં કાયમી ધોરણે હાજર રહેશે. આ ટાસ્ક ફોર્સ કોઈપણ મોટા આતંકવાદી હુમલાનો સામનો કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરશે. આ સાથે, બહુમાળી ઈમારતો, સુરક્ષા સ્થાપનો અને અન્ય સંવેદનશીલ જાહેર સ્થળો માટે સુરક્ષા યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. અધિકારીઓએ કહ્યું કે એનએસજીની એક વિશેષ ટુકડી હવે કાયમી ધોરણે જમ્મુ શહેરમાં તૈનાત કરવામાં આવી છે. આ ટુકડી કોઈપણ ઈમરજન્સીમાં થોડી જ મિનિટોમાં આતંકીઓનો સામનો કરવા માટે તૈયાર થઈ જશે. ગૃહ મંત્રાલયે જમ્મુ ક્ષેત્રમાં સુરક્ષા દળો પર તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા અને શહેરને સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું છે. સુરક્ષા કારણોસર એનએસજી કમાન્ડોની સંખ્યા જાહેર કરવામાં આવી નથી, પરંતુ અધિકારીઓએ તેને "પર્યાપ્ત" ગણાવ્યું છે. અગાઉ, આતંકવાદી હુમલાના કિસ્સામાં, એનએસજી કમાન્ડોને નવી દિલ્હી અથવા ચંદીગઢથી બોલાવવા પડતા હતા, જે સમય માંગી લે તેવી પ્રક્રિયા હતી.



# મુસ્લિમ સમુદાયની પાસે વોટ આપવાનો અધિકાર ન હોવો જોઈએ : મહંત ચંદ્રશેખરનાથ

ન્યુ દિલ્હી,તા.૨૭

ખેડૂતો અને તેમની જમીનની સુરક્ષા માટે તમામને એક થવાનો આગ્રહ કરતાં વિશ્વ વોક્કાલિગા મહાસમસ્તન મઠના મહંત કુમાર ચંદ્રશેખરનાથ સ્વામીજીએ મંગળવારે કહ્યું કે એવો કાયદો લાવવો જોઈએ જેમાં મુસ્લિમ સમુદાયની પાસે વોટ આપવાનો અધિકાર ન હોય. કોઈ વક્ફ બોર્ડ હોવું જોઈએ નહીં. કોઈ અન્યની જમીન છીનવવી ધર્મ નથી. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વક્ફ સંપત્તિને લઈને વિવાદ ચાલુ છે. તેમણે કહ્યું ખેડૂતોની સાથે થઈ રહેલા અન્યાય વિરુદ્ધ તમામે લડવું જોઈએ. એવું કહેવામાં આવે છે કે વક્ફ બોર્ડ કોઈની પણ જમીન પર દાવો કરી શકે છે. આ ખૂબ મોટો અન્યાય છે. કોઈ અન્યની જમીન છીનવવી ધર્મ નથી. તેથી તમામે એ નક્કી કરવા માટે લડવું જોઈએ કે ખેડૂતોની જમીન તેમની પાસે જ રહે.'



# પ્રધાનમંત્રી મોદીની મુલાકાત પૂર્વે જ ચંડીગઢમાં લોરેન્સ ગેંગના બોમ્બ વિસ્ફોટ

ચંડીગઢ,તા.૨૭

લોરેન્સ ગેંગે ૩ ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચંદીગઢની મુલાકાત પહેલાં મંગળવારે સવારે સેક્ટર-૨૬માં બે ક્લબની બહાર થયેલા બોમ્બ વિસ્ફોટોની જવાબદારી સ્વીકારી છે. લોરેન્સ ગેંગના ગેંગસ્ટર ગોલ્ડી બરારે આ અંગે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી છે. ચંદીગઢ સાયબર પોલીસે આ પોસ્ટની તપાસ શરૂ કરી છે, જેમાં તેમણે કહ્યું છે કે બ્લાસ્ટ પાછળનું કારણ પ્રોટેક્શન મની ન આપવાનું હતું. વિસ્ફોટમાં સેવિલે બાર એન્ડ લોન્જ અને ડી'ઓરા ક્લબની બહારના કાચ તૂટી ગયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રખ્યાત રેપર બાદશાહ પણ સેવિલે બાર અને લાઉન્જ ક્લબના માલિકોમાં ભાગીદાર છે. ગોલ્ડી બરારને ટાંકીને એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે "લોરેન્સ ગેંગના ગોલ્ડી બરાર અને રોહિત ગોદારા ૨ બ્લાસ્ટની જવાબદારી લે છે." આ બંને ક્લબના માલિકોને પ્રોટેક્શન મની માટે મેસેજ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે અમારા મેસેજને નકાર્યા. તેમના કાન ખોલવા માટે આ ધડાકા કરવામાં આવ્યા હતા. જે કોઈ અમારા કોલ્સને અવગણી રહ્યું છે તેણે સમજી લેવું જોઈએ કે આનાથી મોટું કંઈક થઈ શકે છે.



# બાબાસાહેબનું બંધારણ જમ્મુ-કાશ્મીરમાં લાગુ થઈ રહ્યુ છે : પ્રધાનમંત્રી મોદી

ન્યુ દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સાંજે બંધારણ દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. તેમણે અહીં ભારતીય ન્યાયતંત્રનો વાર્ષિક અહેવાલ ૨૦૨૩-૨૪ બહાર પાડ્યો. PMએ પોતાના સંબોધનમાં કહ્યું- અમે દેશમાં ઈમરજન્સી જોઈ છે. આપણા બંધારણે લોકશાહી સામેના આ પડકારનો સામનો કર્યો છે. આ બંધારણની તાકાત છે કે આજે બાબા સાહેબ આંબેડકરનું બંધારણ જમ્મુ-કાશ્મીરમાં સંપૂર્ણ રીતે લાગુ થઈ રહ્યું છે. આજે જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ વખત બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે ભારતીય બંધારણનું આ ૭૫મું વર્ષ છે. આ દેશ માટે ખૂબ જ ગર્વની વાત છે. હું બંધારણ અને બંધારણ સભાના તમામ સભ્યોને સલામ કરું છું. આપણે એ ભૂલી શકીએ નહીં કે આજે મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાની વરસી પણ છે. PMએ કહ્યું- આ હુમલામાં જે લોકોએ જીવ ગુમાવ્યો. હું તેમને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. હું દેશના સંકલ્પને પણ પુનરાવર્તિત કરવા માંગુ છું કે ભારતની સુરક્ષાને પડકારનારા તમામ આતંકવાદી સંગઠનોને જડબાતોડ જવાબ આપવામાં આવશે.



# છત્તીસગઢમાં માલગાડીના ૨૩ ડબ્બા પાટા પરથી ઉતરી જતા અનેક ટ્રેન ડાયવર્ટ

રાયપુર,તા.૨૭

છત્તીસગઢના ગૌરેલા-પેન્ડ્રા-મારવાહી જિલ્લામાં મંગળવારે કોલસા ભરેલી માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. એન્જિન સહિત ૨૩ કોચ પાટા પરથી ઉતરી જતા પલટી ગયા. માલગાડી બિલાસપુર તરફ જઈ રહી હતી ત્યારે ભનવારટંક રેલવે સ્ટેશન પાસે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બચાવ કાર્ય શરૂ થઈ ગયું છે. માલગાડીના ડબ્બા પલટી જવાને કારણે ટ્રેક પર કોલસાનો ઢગલો થઈ ગયો હતો, જેના કારણે આ રૂટ પરથી પસાર થતી ૬ ટ્રેનો રદ કરવામાં આવી છે. ૯ના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે.



# ઈમ્ફાલમાં આર્મી કેમ્પમાં જવા નીકળેલ વ્યક્તિ ગુમ થતા તણાવ

ઈમ્ફાલ,તા.૨૭

મણિપુરના પશ્ચિમ ઈમ્ફાલમાં મંગળવારે એક ૫૫ વર્ષીય વ્યક્તિ ગુમ થયા બાદ વિસ્તારમાં તણાવ વધી ગયો છે. ગુમ થયેલા વ્યક્તિની ઓળખ લૈશરામ કમલબાબુ સિંહ તરીકે થઈ છે. તે સોમવારે બપોરે કાંગપોકપીમાં લીમાખોંગ આર્મી કેમ્પમાં ફરજ પર જવા માટે ઘરેથી નીકળ્યો હતો અને ત્યારથી તે ગુમ હતો. તેનો મોબાઈલ ફોન પણ બંધ છે. તે આર્મી કેમ્પમાં મેન્યુઅલ જોબ કરતો હતો. કમલબાબુને શોધવા માટે પોલીસ અને સેના સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. મંગળવારે ગામમાંથી મોટી સંખ્યામાં લોકો કમલબાબુને શોધવા માટે લીમાખોંગ જઈ રહ્યા હતા, પરંતુ પોલીસે તેમને કાંતો સબલ પાસે રોક્યા. આ પછી ભીડ ઉશ્કેરાઈ ગઈ અને લોકોએ રસ્તાઓ બ્લોક કરી દીધા.

# બેલેટ પેપરથી ચૂંટણી કરવાની અરજી સામે સુપ્રીમે અરજદારને ખખડાવ્યો

ન્યુ દિલ્હી,તા.૨૭

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પીબી વરાલેની બેન્ચે અરજીકર્તાને કહ્યું- પક્ષકારોને ઈવીએમમાં કોઈ સમસ્યા નથી, તમારી પાસે કેમ છે? તમને આવા વિચારો ક્યાંથી મળે છે? આ અંગે અરજદાર કે.એ. પોલે કહ્યું- ચંદ્રબાબુ નાયડુ અને વાયએસ જગન મોહન રેડ્ડી જેવા નેતાઓએ પણ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) સાથે ચેડાં પર સવાલ ઉઠાવ્યા છે. બેન્ચે કહ્યું કે, જ્યારે ચંદ્રબાબુ નાયડુ કે જગન મોહન રેડ્ડી ચૂંટણી હારે છે ત્યારે તેઓ કહે છે કે ઈવીએમમાં છેડછાડ કરવામાં આવી છે અને જ્યારે તેઓ જીતે છે ત્યારે તેઓ કંઈ બોલતા નથી. આપણે તેને કેવી રીતે જોઈ શકીએ. અમે તેને નકારીએ છીએ. આ બધી ચર્ચા કરવાની આ જગ્યા નથી. તમે આ રાજકીય ક્ષેત્રમાં કેમ આવી રહ્યા છો? તમારું કાર્ય ક્ષેત્ર ઘણું અલગ છે.



# બાંગ્લાદેશમાં ઈસ્કોનના ધર્મગુરૂની ધરપકડ મામલે ભારતે નારાજગી વ્યકત કરી

**ગુનેગારો ખુલ્લેઆમ ફરે છે, માંગ ઉઠાવનારાઓ સામે કેસ ચાલે છે : ભારત**

ઢાકા,તા.૨૭

બાંગ્લાદેશમાં ઈસ્કોનના ધર્મગુરુ ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુની ધરપકડ મામલે ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નિવેદન પર બાંગ્લાદેશે પણ પ્રતિક્રિયા આપી છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે મંગળવારે કહ્યું, "તે ખૂબ જ દુઃખદ છે કે ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડને કેટલાક લોકો દ્વારા ખોટી રીતે રજૂ કરવામાં આવી છે." મંત્રાલયે કહ્યું કે આવા નિવેદનો માત્ર તથ્યોને ખોટી રીતે રજૂ કરતા નથી પરંતુ તે બંને પાડોશી દેશો વચ્ચે મિત્રતા અને પરસ્પર સમજણની ભાવનાની પણ વિરુદ્ધ છે. બાંગ્લાદેશ સરકાર ફરી કહેવા માંગે છે કે દેશનું ન્યાયતંત્ર સંપૂર્ણપણે સ્વતંત્ર છે અને સરકાર તેમના કામકાજમાં દખલ કરતી નથી. આ પહેલા ભારતે ચિન્મય પ્રભુની ધરપકડ પર નારાજગી વ્યક્ત કરી હતી. ભારતના વિદેશ મંત્રાલયે મંગળવારે એક નિવેદનમાં કહ્યું કે અમે ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડથી ચિંતિત છીએ. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે ગુનેગારો ખુલ્લેઆમ ફરે છે, પરંતુ શાંતિપૂર્ણ સભાઓ દ્વારા યોગ્ય માગણીઓ ઉઠાવનારા ધાર્મિક નેતા સામે કેસ ચાલી રહ્યા છે.



# યુએસ વિદેશ સચિવ બ્લિંકન અને એસ જયશંકરે ફુજીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી

નવીદિલ્હી,તા.૨૭

યુએસના વિદેશ સચિવ એન્ટની બ્લિંકન અને એસ જયશંકરે ફુજીમાં જી-૭ સમિટની બાજુમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. આ પછી બંને નેતાઓએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મિટિંગની તસવીરો શેર કરી હતી. બ્લિંકને કહ્યું છે કે અમેરિકા અને ભારત એકસાથે કામ કરી રહેલા મજબૂત દેશો છે. તેમણે મંગળવારે ઈટાલીના ફુજીમાં G૭ સમિટ દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કર્યા બાદ 'એક્સ' પરની એક પોસ્ટમાં આ વાત કહી. બ્લિંકને લખ્યું, "અમેરિકા અને ભારત એકસાથે કામ કરી રહેલા મજબૂત દેશો છે. "ભારતીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને મેં આજે જ્યારે અમે ઈટાલીમાં મળ્યા ત્યારે વૈશ્વિક સુરક્ષા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે અમારા સતત ગાઢ સહકારના મહત્વ વિશે ચર્ચા કરી." તેણે મિટિંગનો ફોટો પણ શેર કર્યો હતો. જયશંકરે 'એક્સ' પર મિટિંગ વિશે પણ પોસ્ટ કર્યું અને કહ્યું કે તેણે બ્લિંકન સાથે વૈશ્વિક પરિસ્થિતિ અને ભારત-યુએસ ભાગીદારી વિશે ચર્ચા કરી, જે સતત પ્રગતિ કરી રહી છે.



# નવસારીમાં ટ્રીપલ સવારી બાઈકનો અકસ્માત : ત્રણ મિત્રોના કરૂણ મોત

નવસારી,તા.૨૭

નવસારીના જલાલપોર ખાતે પટેલ સોસાયટી ગાયત્રી નિવાસ મિશ્ર શાળા નં. ૯ પાસે ભાડેથી રહેતા મૂળ યુ.પી.ના રાજપુર ગામના વતની એવા અર્જુન લલ્લનપ્રસાદ બિન્દ (ઉ.વ.૧૮ )નવસારી ખાતે આવેલી ગોલ્ડી સોલર કંપનીમાં નોકરી કરતો હતો. ગઈકાલે મંગળવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યે અર્જુન તેની સાથે નોકરી કરતા મિત્રો વિકાસ બચ્ચાપ્રસાદ દુબે (ઉ.વ.૨૦) અને હીરા ઘસવાનું કામ કરતા મિત્ર અંકિતકુમાર રામગોપાલ મિશ્રા (ઉ.વ.૨૨) સાથે ત્રણેય મિત્રો પોતાની સ્પ્લેન્ડર બાઈક પર



નવસારીથી સુરત ઉધના ખાતે રહેતા પોતાના ટેકેદારને ત્યાં મળવા માટે જઈ રહ્યા હતા. દરમિયાન નવસારી સુરત સ્ટેટ હાઈવે નં-૬ પરથી પુરપાટ ઝડપી અને બેફામ બાઈક હંકારતા બાઈક ચાલક વિકાસ દુબેએ બાઈક પરથી કાબુ ગુમાવી દેતા કોલાસણા ગામના પાટિયા પાસે વળાંકમાં રસ્તાની બાજુમાં આવેલ બસ સ્ટેન્ડમાં બાઈક ધડાકાભેર અથડાતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારા અકસ્માતના ટ્રીપલ સીટ બાઈક પર ત્રણેય યુવાન મિત્રો રસ્તા પર ફંગોળાઈ જતા તેઓ ત્રણેયને શરીરે, માથાના ભાગે તથા હાથ પગના ભાગે નાની મોટી ગંભીર ઈજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં ત્રણેય મિત્રોના ઘટના સ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયા હતા.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. જેમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિ સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં રાજ્યના કાયદો



અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ડિસેમ્બરમાં યોજાનારા કૃષિ મહોત્સવ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. ગત સપ્તાહે સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં મુખ્ય મુદ્દો પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અંતર્ગત હતો. આ મુદ્દાની અધ્યક્ષતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે કરી હતી. ચિંતન શિબિર દરમિયાન અલગ અલગ અધિકારીઓ તથા મંત્રીઓએ આપેલા પોતાના સૂચન અંગેનું પ્રેઝન્ટેશન અથવા મુદ્દાસર ચર્ચા કૃષિ મંત્રી રાઘવજી પટેલ કેબિનેટ બેઠક દરમિયાન કરી શકે છે. આ ચર્ચા બાદ રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે કોઈ નવી યોજના અથવા તો પોલિસી માટે વિચારણા કરી શકે છે.

# અમદાવાદમાં રૂા.૫૧ હજારની ભેટ માંગી કિન્નરોએ કરી બબાલ

અમદાવાદ,તા.૨૭



અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં કિન્નરોએ રાધે બંગ્લોઝમાં રહેતા રહીશો સાથે માથાકૂટ કરતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. કિન્નરોએ લગ્નપ્રસંગ પહેલા ૫૧ હજાર રૂપિયાની ભેટ માગી હતી, જેને લઈને સોસાયટીના રહીશોએ વિરોધ કર્યો હતો. સોસાયટીમાં ૩૦થી વધુ કિન્નરો આવી ગયા બાદ કપડા ઉંચા કરી દેતા રહીશો શરમમાં મુકાયા હતા. આજે રહીશોએ ન્યાયની માગ સાથે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી છે.

# ભાવનગર જિલ્લાના હાથબ ગામે શ્રમિક પરિણીતાએ સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો

**બે દીકરીઓ અને પોતાના પર જ્વલનશીલ પ્રવાહી નાખ્યું : ત્રણેય ગંભીર**

ભાવનગર,તા.૨૭



ભાવનગર જિલ્લાના હાથબ ગામે આવેલા હાથબ બંગલા પાસે એક વાડીમાં ખેતમજૂરી કરતાં શ્રમજીવીની પત્નીએ આજે સવારના સમયે કોઈ અગમ્ય કારણોસર આત્મઘાતી પગલું ભર્યુ હતું. તેણે સૌપ્રથમ તેના ઘરમાં કોઈ જ્વલનશીલ પ્રવાહી બે દીકરીઓ પર છાંટી ત્યારબાદ પોતાના પર પણ આ પ્રવાહી છાંટી કાંડી ચાંપી દીધી હતી. જેમાં મહિલા તથા તેની પુત્રીઓ ભડભડ સળગી ઊઠી હતી. આ બનાવની જાણ પતિ તથા આસપાસના રહીશોને થતાં સૌ દોડી આવ્યા હતા અને પરિણીતા તથા દીકરીઓ પર લાગેલી આગ બુઝાવી હતી. ત્યારબાદ તાત્કાલિક સારવાર અર્થે સૌપ્રથમ કોળીયાક સીએચસી સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે ભાવનગર સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માતા તથા પુત્રીઓને આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી છે. અહીં ત્રણેયની સ્થિતિ અત્યંત નાજૂક હોવાનું તબીબોએ જણાવ્યું છે.

# ગુજરાતમાં વધશે ઠંડીનું જોર, આઠ શહેરોમાં ૧૬ ડિગ્રીથી નીચે તાપમાન



અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં હવે ઠંડીનું જોર વધશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના લીધે ઠંડીમાં વધારો થશે. લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટી શકે છે. અમદાવાદમાં ૧૬.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ગાંધીનગરમાં ૧૫. ડિગ્રી તાપમાન નોંધાયું છે. સુરત અને ભાવનગરમાં ૧૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ડિસા અને પાલનપુરમાં ૧૬.૦૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ગુજરાતમાં ઠંડીનો ચમકારો યથાવત્ રહેતાં ૮ શહેરમાં ૧૬ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું હતું. ગાંધીનગરમાં ૧૧.૪ ડિગ્રીના સરેરાશ લઘુત્તમ તાપમાન સાથે સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી.

ગાંધીનગરના સરેરાશ લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૪.૭ ડિગ્રીનો ઘટાડો હતો. આગામી એક સપ્તાહ ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ જ રહેવાની આગાહી છે. અમદાવાદમાં ૧૫.૯ ડિગ્રીએ સરેરાશ લઘુત્તમ તાપમાનનો પારો હતો. આમ, રવિવાર કરતાં સોમવારે બે ડિગ્રી જેટલું તાપમાન ઘટ્યું હતું. અમદાવાદમાં ૩૦ નવેમ્બર બાદ ૧૪ ડિગ્રીથી નીચે પારો ગગડતાં ઠંડીનો ચમકારો વધશે. બનાસકાંઠાના દિયોદરમાં ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ઠંડીના ચમકારામાં વધારો થતાં લોકો તાપણાનો આશરો લેવા લાગ્યા છે. ઠંડી વધતા રાયડો, જીરું, ઘઉં સહિતના પાકમાં ફાયદો થશે. ખેતીના પાકમાં ફાયદો થશે. ખેડૂતોમાં ખુશીનું વાતાવરણ છે. દિયોદર પંઠકમાં ગરમીનો પારો ગગડતા ઠંડીમાં વધારો થયો છે. ઠંડીમાં વધારો થતાં લોકોએ તાપણાના સહારે ચાની ચુસ્કી માણી હતી. ખેતીના પાકોને ફાયદો થવાનો હોઈ ખેડૂતોમાં પણ આનંદનું વાતાવરણ છે.

# સુરતમાં રિલેશનશીપમાં રહેતા કિન્નરની યુવકે છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી

સુરત, તા.૨૭

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેવું લાગી રહ્યું છે, ત્યારે સુરતમાં ત્રણ દિવસમાં ચોથી હત્યાની ઘટના સામે આવી છે. જેમાં સલાબતપુરાના ઉમરવાડા વિસ્તારમાં આવેલા ટેનામેન્ટમાં કિન્નર અને યુવક વચ્ચે થયેલી બબાલ બાદ કિન્નરની હત્યા કરવામાં આવી હોવાની જાણકારી મળી છે. સમગ્ર મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની



પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી કિશનને કિન્નર સાથે સંબંધ હતો. મળતી માહિતી પ્રમાણે, સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતા સંજના (ઉં.વ. ૪૯) નામના કિન્નરની કિશન નામના યુવક સાથે અણબનાવના કારણે બબાલ થઈ હતી. જેમાં કિશને સંજનાને ચપ્પુના ઘા મારી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. કિશનને કિન્નર સંજના સાથે સંબંધો હતા. કેટલાક દિવસોથી કિન્નર કિશનના ઘરે રહેવા આવી ગયો હતો. જેમાં બંને વચ્ચે કોઈ કારણસર અણબનાવના કારણે ઝઘડો થયો હતો. નજીવી બાબતના ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને કિશને કિન્નર સંજના પર ચપ્પા વડે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો.

# ગોંડલના પૂર્વ ધારાસભ્યના ભાઈની કંપનીમાં જીએસટીના દરોડા, ૫૦૦ કરોડનું કૌભાંડ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૭

ડાયરેક્ટર જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સની અમદાવાદ ઝોનલ યુનિટના અધિકારીઓએ રાજકોટમાં દરોડા પાડીને હાઈ સ્પીડ ડીઝલ એટલે કે એચએસડીની આયાત બતાવીને બેઝ ઓઈલની આયાત કરવાનું અંદાજે રૂપિયા ૫૦૦ કરોડનું કૌભાંડ પકડી પાડયું છે. જીએસટીની ચોરી કરવા માટે ઓછી કિંમતના ઈન્વોઈસ,





કેટલાક બોગસ ઈનવોઈસ અને બોગસ બિલિંગ પણ કરાયા છે એટલું જ નહીં બુક શોફ એકાઉન્ટ એડજસ્ટ કરવા માટે ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો હોવાના દસ્તાવેજો સેન્ટ્રલ જીએસટી ઈન્ટેલિજન્સના અધિકારીઓએ જપ્ત કર્યા છે. સેન્ટ્રલ જીએસટી ઈન્ટેલિજન્સના અધિકારીઓએ ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહના ભાઈ હરદેવસિંહ જાડેજાની રાજકોટ ખાતે કાર્યરત આશાપુરા એન્ટરપ્રાઈઝ અને તેની સાથે સંકળાયેલા યુનિટોને ત્યાં દરોડાની કાર્યવાહી હાથ ધરીને એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પણ ધરપકડ કરી છે.

# સુરતના કોસંબા નજીક બસ ખાડીમાં ખાબકતામાં ૪૦ મુસાફરોને ઈજા, બે ગંભીર

**સુરત ફાયર વિભાગના કાફલાએ તાત્કાલિક ઘટના સ્થળે જઈ રેસ્ક્યૂ હાથ ધર્યુ**

સુરત,તા.૨૭

સુરતના કોસંબા નજીક આજે વહેલી સવારે ૫ વાગ્યે એક મુસાફરો ભરેલી લક્ઝરી બસ ખાડીમાં પડતા તમામ મુસાફરો ઊંઘમાં જ દબાઈ ગયા હતા. ઘટનાની જાણ બાદ સુરત ફાયરની ઈમર્જન્સી ટીમ



તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જેમાં બસનાં પતરાં કાપી અને પહોળા કરી ૪૦ મુસાફરોનું રેસ્કયુ કરાયુ હતું. ફાયર વિભાગના જણાવ્યા પ્રમાણે, ૨૭ નવેમ્બરે વહેલી સવારે આ દુર્ઘટના બની હતી. સવારે ૫.૧૦ કલાકે ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો કે, ૪૦ માણસોથી ભરેલી માલાણી નામની ખાનગી લક્ઝરી બસ કોસંબા બ્રિજ નીચે ખાડીમાં પડી ગઈ છે, જેથી સુરત ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક મુસાફરોનું રેસ્ક્યૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર વિભાગ દ્વારા ૪૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ કરીને બહાર કાઢવામાં આવ્યા હતા. જે પૈકી બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

# હેરિટેજ સાઈટ લોથલમાં ભેખડ ધસી પડતા વિદ્યાર્થિનીનું મોત, મહિલા અધિકારી ઘાયલ

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં આવેલ લોથલ હેરિટેજ સાઈટ પર મોટી દુર્ઘટના બની છે. જમીનમાંથી માટીના સેમ્પલ લેતા સમયે લોથલમાં ભેખડ ધસી પડતા એક મહિલા અધિકારી અને એક પીએચડીની વિદ્યાર્થિની દટાઈ ગઈ હતી. જેમાં વિદ્યાર્થિનીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું છે. તો મહિલા પ્રોફેસર ઈજાગ્રસ્ત થયા છે. માટીના સેમ્પલ લેતા સમયે



અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ધોળકાના લોથલમાં માટીના સેમ્પલ લેવા ઊંડા ખાડામાં ઉતરેલા બે મહિલા અધિકારી દટાયાની ઘટના બની છે. જેમાં એકનું મોત અન્ય એક મહિલાને ૧૦૮, પોલીસ સહિતની ટીમે બહાર કાઢવાની કામગીરી કરી હતી. જેના બાદ ઈજાગ્રસ્ત મહિલા અધિકારીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ઉલ્લેખનીય છે કે, ધોળકાના હડપ્પા સંસ્કૃતિનું આવેલ લોથલમાં દિલ્હી અને ગાંધીનગરની ટીમ રિચર્સ માટે ગઈ હતી. ગાંધીનગર, દિલ્હીના ચારથી વધુ અધિકારીઓ સરકારી ગાડી લઈ લોથલ પહોંચ્યા હતા. ૧૨ ફૂટથી વધુ ઊંડા ખાડામાં બે મહિલા અધિકારી સેમ્પલ લેવા અંદર ઉતરી હતી. અચાનક માટીની ભેખડ ખસી પડતા બંને મહિલા માટીમાં દટાઈ ગઈ હતી.







